Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 20 - Issue : 12

September, 2016



પૂજ્ય શ્રીમોટાનું સાવલીનું મકાન





જન્મ સ્થાનના ઓરડાનું પ્રવેશદ્વાર



પૂજ્ય શ્રીમોટાનું કાલોલનું નિવાસસ્થાન (જમણી બાજુનું)

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૦ અંક : ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૬

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. મારી સાથે સંબંધ રાખી નિશ્ચિંત રહેજો ........... શ્રીમોટા ૪
૨. વિવિધતા અને વિસ્તાર એ કુદરતનાં અંગ છે ...... શ્રીમોટા ૫
૩. ભિક્ષુ અખંડાનંદ ...................... જિતેન્દ્ર દેસાઈ ૬
૪. સ્મરણ મહિમા (પદ્ય) ........................ શ્રીમોટા ૯
૫. શ્રીમોટાના જન્મસ્થળ : સાવલીની મુલાકાતે ... શ્રી નંદુભાઈ ૧૦
૬. એકડા વિનાનાં મીડાં .............. શ્રીરામકૃષ્ણ પરમહંસ ૧૨
૭. શ્રદ્ધા જ મુખ્ય, મૂર્તિ નહિ ...............શ્રીરંગ અવધૂત ૧૩
૮. જે સરી જાય છે, તે સંસાર ......................શ્રીમોટા ૧૪
૯. મૌનનો મહિમા ..............................ગાંધીજી ૧૫
૧૦. શ્રીસદ્‌ગુરુ દેવાધિદેવ છે.............. સમર્થ સ્વામી રામદાસ ૧૬
૧૧. 'ૐકાર ' શ્રેષ્ઠ મંત્ર .......................શ્રીદાસાનુદાસ ૧૮
૧૨. ઈડા, પિંગલા, સુષુમ્ણા નાડી ........ સાવલીના સ્વામીજી ૧૯
૧૩. ભગવાનની વાત કપોલકલ્પિત નથી ............ શ્રીમોટા ૨૧
૧૪. ઉપાધિ સંસારમાં નથી પણ મનમાં છે ... સ્વામી રામદાસ(પપ્પા) ૨૨
૧૫. તન-મનની વિશુદ્ધિ ...............સ્વામી કૃપાલ્વાનંદ ૨૩
૧૬. પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયથી અમારી સ્ટીમર રેતીમાં ચાલે છે ........ જે.ડી.પટેલ (માર્બલવાળા) ૨૪

## સૌજન્ય

પૂજ્ય શ્રીમોટાની કૃપા સહાય પામનાર સદ્‌ગત ધર્મપત્ની **શ્રીમતી પ્રવીણાબહેન**ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે પ્રો. જયંતીભાઈ એચ. શાહ તરફથી 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ પ્રાપ્ત થયો છે, તે બદલ અમો તે પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક ઘણા ઘણા આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

**-સંપાદક**

# (૧) મારી સાથે સંબંધ રાખી નિશ્ચિંત રહેજો

શ્રીમોટા

આપણે બધાં પ્રારબ્ધને કારણે નિમિત્તરૂપે મળ્યાં છીએ અને તમને એમ સાચું લાગતું હોય કે 'મોટા' આપણા કામમાં ને મુસીબતોમાં મદદ કરે છે, **તો એમના કામમાં મદદ કરો ને બને તો મારામાં રાગ રાખો.**

એકલો રાગ-મોહ રાખશો તોપણ તમને પ્રયોગ તરીકે અનુભવ થશે. મારી સાથેના સંબંધથી આ સંસારની અથડામણોમાં હળવાશ અને તાજગી મળશે એ રીતે નિશ્ચિંતતા રાખજો. જેમ ગજવામાં પૈસા હોય ને નિશ્ચિંતતા રહે તેમ મારી સાથે સંબંધ રાખીને નિશ્ચિંત રહેજો.

સદ્‌વાંચન, સદ્‌વાર્તાલાપ, સદ્‌સોબત, સદ્‌કાર્ય, ભજન, પ્રાર્થના જેમ બને તેમ વધારે કરો, પણ આપણે ભગવાનની કૃપાથી મળ્યાં છીએ તો મારી ચાહના તમારા ખપમાં આવવાની છે. તમારા બધાંની વચ્ચે આવીને પડ્યો છું તો મારી સાથે લાગણી રાખો. તમારી લાગણી અને મોહ તમને ખપમાં આવશે. નિમિત્તના એ પુલ ઉપરથી હું તમારામાં પ્રવેશી શકું એટલા માટે કહું છું, કારણ કે મને તો જીવતોજાગતો ચેતનાત્મક વિશ્વાસ છે.

આ વૈરાગી પરત્વેનો રાગ એ તો જીવનનું કલ્યાણ કરનારો છે. આપણે જીવદશામાં રાગ, મોહ, લોભ તો કરી શકીએને ? તો કમ સે કમ મારી સાથે એ તો કરો.

મારે તમને સાચી વાત કહેવી જોઈએ. આ સંસારવહેવારમાં આપણને કોઈ સાથે ઘણો મીઠો સંબંધ હોય તો ત્યાંથી પાંચેક હજાર રૂપિયા લઈ આવીયે ખરા. તેવી રીતે આ ભગવાનના માણસ પાસે જઈએ તો આપણે ઘણું લઈ આવીએ છીએ. એના બે શબ્દોથી પણ આપણને ઘણી હળવાશ અને આશ્વાસન મળે છે. ઘોર અંધકારમાં પણ પ્રકાશ પાથરે છે, પણ આપણે તો એકદમ હિમાલય જેવા છીએ જરા પણ ચસીએ નહિ તેવા.

આ સંસારમાં તમે બીજું બધું માણો છો તેમ તમે આવા પુરુષોને માણી તો જુઓ. આ સંસારમાં શોક, દુઃખ, ક્લેશ, ફીકર, ચિંતા, સંતાપ, સંઘર્ષ, અથડામણ, ગૂંગળામણ વગેરે છે કે નહિ ? તો કહેશો, 'હા મોટા એ બધું તો છે.' ત્યારે કહું છું કે સદ્‌સોબત, સદ્‌વાંચન, સદ્‌વાર્તાલાપ, સદ્‌કાર્ય વગેરે કરો.

જ્યારે આપણી બુદ્ધિ ગૂંગળાઈ ગઈ હોય છે ત્યારે ભગવાનને પ્રાર્થના કરીએ તો શાંતિ મળે છે અને હળવાશ પ્રગટે છે. મુશ્કેલીમાં જ્યારે કોઈ પણ રસ્તો દેખાતો ન હોય ત્યારે ત્યાં પણ કોઈ રસ્તો દેખાવા માંડે છે. આપણે એવા એક બે નહિ પણ અનેક પ્રત્યક્ષ દાખલા અનુભવ્યાં છે, પણ આપણે પાછા ભૂલી જઈએ છીએ કારણ કે આપણી આસપાસ સંસારનાં પડળ ફરી વળ્યાં છે.

તો અમે કહીએ છીએ કે બીજું કાંઈ નહિ તો ભગવાનનાં કામ કરો. એ ન થાય તો સદ્‌ભાગ્યથી કોઈ આવા પુરુષનો સંગ થયો હોય એવા સંગને નિભાવી જાણો. સાધુ હંમેશાં તેજસ્વી અને નિઃસ્પૃહી હોય. **મારા ગુરુમહારાજે કહ્યું હતું કે, 'તું તેજ બેજ બતાવતો નહિ. માત્ર નમ્રતા બતાવજે.'**

જેમ લાકડામાં આર પાડતી વખતે શારડી જોઈએ તો જ તે ઊંડે જાય તેમ કોઈક વાત ઊંડે ઊતરે એટલા માટે અમારે તેજ પણ થવું પડે. આ વિજ્ઞાનની વાત છે એટલે સમજાય, પણ ભગવાનની શક્તિ, આધ્યાત્મિક શક્તિ તો આપણે વિચારી શકતાં નથી.

અનુભવી પુરુષોનો રાગ, મોહ પણ આપણામાં પેસવા માટે જ હોય છે. પછી તો જેને જેમ સમજવું હોય તેમ સમજે. **પણ સંસાર કરતાં ભગવાન સારો તે વાત ચોક્કસ.**

'સ્વજનોને સંબોધન', પ્ર. આ., પૃ. ૬૦ ❑

# (૨) વિવિધતા અને વિસ્તાર એ કુદરતનાં અંગ છે

**શ્રીમોટા**

ઘણા માણસો કહે કે આપણો મોટો દેશ અને આટલા બધા ધર્મો.

કુદરતની એક લીલા જોઈએ-વિચારીએ તો એમાં **વિવિધતા અને વિસ્તાર છે.** એવી રીતે સમાજમાં આવી જાતની વિવિધતા રહેવાની જ, એ હકીકત છે. એને કોઈ નાબૂદ નહિ કરી શકે. ધર્મો કે સંપ્રદાયોમાં જુદા જુદા લોકોના માનસને-સ્વભાવને સાનુકૂળતા લાગી એમાં એ લોકો ગયા.

આજે માનતા હોય કે ન માનતા હોય એ જુદી વાત છે, પણ જ્યાં જે પ્રકારનો ધર્મ છે, એનું જે લોકો પાલન કરે છે, એ એમના સ્વભાવને સાનુકૂળ છે અને સ્વભાવ સામૂહિક રીતે પણ એક હોય છે.

પંજાબ અને ગુજરાત-એક જ દેશના છે, પણ બન્નેના સ્વભાવમાં ઘણો તફાવત છે. તેવી રીતે આપણા ધર્મમાં અને એમના ધર્મમાં તફાવત. એટલે આખી દુનિયામાં એક જ ધર્મ હોય એવું કદી કાળે શક્ય નથી. બધાં 'એક ધર્મ' એવું બોલે ખરા, પણ એ કોઈ કાળે બને નહિ, કેમ કે એ કુદરતનો ધર્મ છે. **વિવિધતા અને વિસ્તાર એ કુદરતનાં અંગ છે.** એને કોઈ તોડી ન શકે. એ કાયમ રહેવાનાં. એટલું જ નહિ, પણ આપણા પ્રત્યેક માનવના એક જ જીવનને જોઈએ તો એમાં ઘણી વિવિધતા અને વિસ્તાર પોતાનામાં છે. માણસ જો આનું ઈન્ટ્રોસ્પેક્શન-(આત્મનિરીક્ષણ) કરે તો એને આ સમજાય.

અનેક વિવિધતાઓની વચ્ચેથી આપણે પસાર થવાનું છે, પણ એની સાથે માણસે જો ધ્યેય ન રાખ્યું, તો આમતેમ અથડાઈ પડશે. માટે, બધાંમાં ધ્યેય-આઈડિયલ-(આદર્શ) જરૂરી છે. એ આઈડિયલ ભગવાન માટેનો જ હોય એવું કંઈ નથી. તમારા વેપાર માટે હોય, પણ આદર્શને સામે રાખીને સકળ કર્મ કરવાં, પણ દુનિયાભરના મોટાભાગના લોકો યદ્વાતદ્વા જીવન જીવે છે. જેમની પાસે કોઈ જાતનું ધ્યેય નથી. ધ્યેય માટેનું મનનચિંતવન નથી, એવા તો એમ ને એમ જ રખડવાના.

ઈસુ ખ્રિસ્તને અને મહંમદ પયગંબર સાહેબને હું તો બહુ પ્રૅક્ટિકલ-(વહેવારુ) ગણું છું. આપણે જે કરી શકતાં નથી એના વિશે વિચાર કરવો નકામો છે. જે પ્રૅક્ટિકલ થઈ શકે એવું છે એટલું કહ્યું. એનો અર્થ એમ નહિ કે હિંદુસ્તાનમાં જ્ઞાન વેદમાં છે એટલું એમનામાં ન હતું ! ઈસુ ખ્રિસ્ત કે પયગંબર સાહેબમાં એવું જ્ઞાન ન હતું એમ માનવામાં આપણે ટૂંકા પડીએ. એમનામાં પણ એ જ્ઞાન હતું, પણ કોની આગળ દર્શાવવું ? ભટકતી ટોળીઓને આ બધું કહેવાનો કંઈ અર્થ નહિ. જેટલું સમજી શકે, પચાવી શકે, એટલું એમણે કહ્યું. બાકીનું કહેવાની કંઈ જરૂર ન હતી. એટલે બાકીનું કહ્યું નહિ.

ઈસુ ખ્રિસ્તે પણ એમ જ કર્યું. માટે, એ એટલું જ સમજતા હતા અને એટલા જ જ્ઞાની હતા એમ ન હતું. તે કાળના ધર્મ પ્રમાણે

**(અનુસંધાન પૃ. ૧૧ પર)**

# (૩) ભિક્ષુ અખંડાનંદ

જિતેન્દ્ર દેસાઈ

સસ્તું સાહિત્યવાળા ભિક્ષુ અખંડાનંદે મુંબઈથી જ પોતાની પ્રવૃત્તિના શ્રીગણેશ કરેલા. વાંચનના જબરા શોખીન. બોરસદના વતની. સ્વમાની એવા કે ભાઈએ ઠપકો આપ્યો તે મુંબઈ ભાગી ગયેલા. ભાઈઓ સાથે ભાગ વહેંચણી પછી આ લલ્લુભાઈ ઠક્કરે ધંધો કરી જોયો પણ ફાવ્યા નહિ. લગ્ન કરેલાં પણ સાધુસંતના સત્સંગનું ભારે આકર્ષણ. બીડી ફૂંકે ને વિચારે ચઢી જાય. સંસાર તરફ વૈરાગ્ય આવ્યો. જાનકીદાસ મહારાજ પાસે જઈ સંન્યાસ લેવાની ઇચ્છા વ્યક્ત કરી. મહારાજ કહે, 'તું બીડી છોડી શકતો નથી, સંસાર કેમ છોડી શકીશ ?' લલ્લુને હાડોહાડ લાગી આવ્યું. બીડી છોડી. એકાંતમાં ધ્યાન લેવાનું શરૂ કર્યું. પત્નીનું મૃત્યુ થયેલું. અંતે સંસાર છોડવાનો નિર્ણય કરી અમદાવાદ આવ્યા. શિવાનંદ પાસે શિવરાત્રીએ સંન્યાસ લઈ લલ્લુભાઈ ઠક્કર અખંડાનંદગિરિ બની ગયા. અખંડાનંદગિરિ ગયા, પ્રયાગ, કાશીના તીર્થાટને ગયા ને ત્યાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ફરતાં ફરતાં પાછા મુંબઈ આવ્યા.

એક પુસ્તક ખરીદવા પ્રિન્સેસ સ્ટ્રીટ ગયા. પુસ્તકની કિંમત સાંભળી ઠરી ગયા અને વિચારે ચઢ્યા. મનમાં એક વિચારે ઘર ઘાલ્યું, 'કોઈ ગરીબ માણસ આટલાં મોંઘાં પુસ્તક કેવી રીતે ખરીદી શકે. તેને સસ્તી કિંમતે પુસ્તકો મળવાં જોઈએ.' આ વિચારમાંથી 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'નો ગર્ભ બંધાયો. પોતે અમૃતલાલ સુંદરજી પઢિયારને ત્યાં ઊતરેલા. સાંજે તેમને વાત કરી. 'ગીતા લેવા ગયેલો. બે રૂપિયા કિંમત. કેમ પોસાય ? ગીતા સસ્તી મળે તે માટે કાંઈ કરવું જોઈએ.' પઢિયાર કહે, 'વાત સાચી છે, પણ તમે સાધુ માણસ. માગીને ખાવું ને મસીદે સૂવું. તમારે ઉપાધિ શા માટે વહોરવી જોઈએ ?' અખંડાનંદજી કહે, 'કેમ ? એમાં ઉપાધિ શાની ? મારે માટે કરું તો ઉપાધિ. **બાકી લોકોના ભલા માટે તો સાધુએ પણ પ્રવૃત્તિ કરવી જોઈએ.**'

સાંજે નાથીમા ભાટિયાને ત્યાં જમવા ગયા. ગર્ભશ્રીમંત નાથીમા સાધુસંતોને જમાડે. ભિક્ષુ અખંડાનંદજી જમવા તો બેઠા, પણ તેમના મને તો પેલાં સસ્તાં પુસ્તકો આપવાની વાતનો ભરડો લીધેલો. તે ભાણા ઉપરથી ઊભા થઈ ગયા. નાથીમાને થયું કે સાધુને કાંઈ વાંકું પડ્યું. પૂછ્યું પણ ખરું. ભિક્ષુએ કહ્યું, 'કાંઈ થયું નથી, પણ જમવાનું મન નથી થતું. બાઇબલ સસ્તું મળે, કુરાન સસ્તું મળે અને એક ગીતા જ મોંઘી મળે એ કેવું ? મારે બે રૂપિયે મળતી ગીતા બે આને આપવી છે. હજારની મૂડી ઉછીની જોઈએ છે, પછી આપી જઈશ.' નાથીમાએ સાધુની માગ સ્વીકારીને હજાર રૂપિયા ગણી આપ્યા. વધુમાં કહ્યું, 'મારે રૂપિયા પાછા નથી જોઈતા. સારાં કામમાં વાપરી નાખજો.' આમ, સારા વિચારને સથિયારો મળી ગયો. ગીતાની દસ હજાર નકલ તરત છપાવી. બે આને વેચવા માંડી.

લેવા માટે પડાપડી થઈ, ચપોચપ ઊપડી ગઈ. નકલે એક પૈસો નફો થયો. આમ, 'સસ્તું સાહિત્ય'ની પ્રવૃત્તિ શરૂ ગઈ. ગીતા છપાવે, ખપી જાય, ફરી છપાવે, ફરી ખપી જાય. ભિક્ષુ પ્રકાશક બન્યા. હિમાલય, હિમાલયની જગ્યાએ રહી ગયો. મુંબઈ કરતાં અમદાવાદ સસ્તું. સસ્તુંના સ્વામીજી અમદાવાદ આવ્યા. ભદ્રમાં આજે જ્યાં અખંડાનંદની ઈમારત ઊભી છે ત્યાં ફૂટપાથ પાસે પતરાંનાં છાપરાંમાં 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'ની શરૂઆત થઈ.

કોઈ સાધુ હિમાલયમાં તપ કરે તેના કરતાંય આકરું તપ સ્વામીજીએ ભદ્રમાં પતરાંની છાપરી નીચે આદર્યું. જ્યારે જુઓ ત્યારે સ્વામીજી પ્રકાશનનાં, સસ્તાં પુસ્તકોમાં રત હોય. પ્રૂફ વાંચતા હોય. પાઈએ પાઈનો હિસાબ રાખતા હોય. આ તપે મહાભારતના સાત ભાગ આપ્યા. ગીતા બે આને આપવાનું ચાલુ હતું. તુલસી રામાયણ ક્ષેપક સાથે અર્ધી કિંમતે. એક ભાગ બે રૂપિયે મૂક્યો. શ્રાવણ માસમાં બધાં પુસ્તકો અડધી કિંમતે. એક સાધુ સાધના છોડી પુસ્તકો લખાવે, છપાવે, વેચે તેની બીજા સાધુઓ નિંદા કરે. 'આ તે કાંઈ સાધુનું કામ છે ?'

ગુજરાતની પ્રજાને નીતિનાશને માર્ગે ન જતાં ધર્મ ને નીતિને માર્ગે જવામાં પ્રેરણા આપે તેવાં પુસ્તકો સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે વાજબી દામે અને વિવિધ સ્વરૂપે આપ્યાં. ધાર્મિક સાહિત્યની સંકુચિત વ્યાખ્યા તો તેણે બાંધી જ ન હતી. જેમ્સ એલનનાં બે પુસ્તકોનો અનુવાદ 'નરમાંથી નારાયણ' અને 'દૈનિક કલ્યાણસૂત્ર' સ્વામીજીએ શરૂમાં જ આપેલાં. માર્ડન અમેરિકન લેખક. તેમનાં મડદાંને બેઠાં કરે તેવા સાહિત્યે સ્વામીજીને આકર્ષ્યા. સ્વામીજીએ અનુવાદના હક્ક માટે લખ્યું. લેખકે ચાર ચોપડી મોકલી લાખ રૂપિયા રૉયલ્ટી માગી. સ્વામીજીએ પોતાની પસંદગીની ચાર ચોપડીને સારવીને જોવા મોકલી. વધુમાં લખ્યું અમે તો ભિક્ષુ છીએ. પુસ્તક છપાવવા કાગળના પૈસાય ઉછીના લાવી, પુસ્તક વેચાય પછી ચૂકવીએ ! અમે આપનાં પુસ્તકોનો પ્રચાર અમારી ભાષામાં કરવા માગીએ છીએ.

માર્ડને અમેરિકામાં વસતા ગુજરાતીને ભિક્ષુ અખંડાનંદજી અને તેમની પ્રકાશન પ્રવૃત્તિ વિશે પૂછ્યું. પેલાએ કહ્યું, 'દુનિયામાં ક્યાંય આટલું સસ્તું સાહિત્ય કોઈ નહિ આપતું હોય.' વધુમાં કહ્યું, **'ભિક્ષુ બાફેલા મગ પર જીવે છે. તે ચૌદ ચૌદ કલાક પુસ્તકો પર કામ કરે છે !'** માર્ડન વારી ગયા. સ્વામીને તેમનાં પુસ્તકો મફત છાપવાના અધિકાર આપ્યા. તેથી 'ભાગ્યના સૃષ્ટા', 'સુખ, સામર્થ્ય, સમૃદ્ધિ', 'આગળ ધસો' ને 'સુખી જીવનનાં સાધનો' જેવાં ઉત્તમ પુસ્તકો ગુજરાતી વાચકોને મળ્યાં.

આમ, સીધી રીતે અને વિશાળ અર્થમાં જેને ધાર્મિક સાહિત્ય કહેવાય તેવાં પુસ્તકોના પ્રકાશનથી 'સસ્તું સાહિત્ય'નું સૂચિપત્ર બે પાનાંમાંથી સોળ પાનાં જેવડું થઈ ગયું. પુસ્તકો ઘેરઘેર તો નહિ પણ ગામેગામ જરૂર પહોંચી ગયાં. આ માટે જોઈતાં નાણાં ઊભાં કરવા

તેમણે દોઢ રૂપિયામાં ૧૫૦૦ પાનાંનું વાંચન આપતી 'વિવિધ ગ્રંથમાળા' શરૂ કરી.

સ્વામીજીય આખરે તો મનખા દેહધારી હતા. એટલે દેહ રોગમાં સપડાયો ને અંતકાળ નજીક દેખાયો. એટલે સ્વામીજીએ પુસ્તકો અડધી કિંમતે વેચવા કાઢ્યાં પણ તેથી તો પુસ્તકોની માગ ઓર વધી ગઈ. પુસ્તકો છપાવવાનું કામ ધમધોકાર ચલાવવું પડ્યું. સંસ્થા બંધ કરવાનો વિચાર માંડી વાળી તેને કાયમી ધોરણે ચલાવવાની યોજના સાથે સ્વામીજીએ તે સ્વ. મનુ સૂબેદારને સોંપી. ઊંચા સાહિત્યને સસ્તું આપનાર ભિક્ષુ અખંડાનંદ ૧૯૪૨માં સ્વર્ગે સીધાવ્યા. પછી ૧૯૪૨થી ૧૯૯૨ લગીના ૫૦ વરસ સંસ્થાએ સ્વ. મનુ સૂબેદાર અને સ્વ. એચ. એમ. પટેલના નેતૃત્વ હેઠળ સ્વામીજીની પરંપરાને ચાલુ રાખી પ્રકાશનો કરતાં રહેવાનું પુણ્યકાર્ય ચાલુ રાખ્યું.

દેશકાળની અસરથી સંસ્થા મુક્ત ક્યાંથી રહે ? એટલે કામદાર સંઘ, લાલ વાવટા, સૂત્રોચ્ચાર, કાનૂની લડાઈ, તે દરમિયાન નીપજતી કામચોરી ને અશિસ્ત વગેરેના વમળમાં સંસ્થા ભીંસમાં આવી. ન્યાયતંત્રની અતિસક્રિયતાએ એક ઉત્તમ કામ કરતી સંસ્થાને એવા સંજોગોમાં મૂકી દીધી કે સાહિત્ય સસ્તું આપવાનું કામ અશક્ય થઈ જાય. સ્વ. એચ. એમ. પટેલ જેવા કુશળ વહીવટદારે સંસ્થા સમેટી લેવાનું ઉચિત માન્યું. સંસ્થાનું પ્રેસ બંધ થયું ને પ્રકાશન પ્રવૃત્તિ પણ અટકી ગઈ.

પણ સ્વામજીએ જે અલખ જગાવેલો તેની ધૂણી તો ધખતી જ રહી. ધાર્મિક સાહિત્યની માગ ચાલુ જ હતી અને ધાર્મિક ગ્રંથ એટલે 'સસ્તું સાહિત્ય'નો જ એવી છાપ કોઈથીય ભૂંસાય તેવી ન હતી. આર્થિક સ્થિતિ પ્રતિકૂળ હતી ને પ્રવૃત્તિ કેમ ચાલુ રાખવી તે મૂંઝવણ હતી. ત્યાં જેમ સ્વામીજીને નાથીમા મળેલાં તેમ સંસ્થાના પ્રમુખ આનંદભાઈને મુંબઈના ગોકુલ પરિવારના મિત્રો મળ્યા. પ્રકાશન પ્રવૃત્તિ અને ખાસ કરી મહાભારતના સાત ગ્રંથો સુલભ કરવા જોઈતી મોટી રકમ તેમણે વગર વ્યાજની લોન તરીકે આપી. છેલ્લાં બે વરસની મહેનતના પરિપાકરૂપે મહાભારતના સાત ભાગનું ગુજરાતી વાચકોને લોકાર્પણ કરાયું.

મહાભારતના પ્રકાશન સાથે સસ્તું સાહિત્ય હવે પુનર્જીવિત થાય છે. ગીતાનો ગુટકો પાછો પંચાવન હજારના પ્રિન્ટ ઑર્ડર સાથે ફરતો થયો છે. બીજાં ૧૨૨ જેટલાં પ્રકાશનો હવે સુલભ થયાં છે અને ચાળીસેક તૈયાર થવામાં છે. પુનર્જન્મ પામેલી આ સંસ્થા સામે સમૂહ માધ્યમોનો પડકાર પણ ઊભો જ છે. છતાં જ્યાં સુધી રામાયણ ને મહાભારત, ગીતા ને ઉપનિષદો, સદ્‌ચરિત્રો ને લોકકથાઓને લાગેવળગે છે ત્યાં સુધી તેનાં પુસ્તકોનો વિકલ્પ હાથવગો નથી. 'સસ્તું સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય' એવી ભિક્ષુની ભાવના ગુજરાતમાં સહેજે લુપ્ત થાય તેવું અલૂણું ગુજરાત હજુ આજે તો નથી.

'જેઓ કંઈક મૂકી ગયા', પ્ર. આ., પૃ. ૨ ❑

## (૪) સ્મરણ મહિમા

શ્રીમોટા

(૧)

સ્મરણના ભેખની કફની અમે ધારણ કરેલી છે,
**હરિ** અહાલેક જગાવીને ઘરેઘર ભીખ માગી છે.

અમારો ભીખનો ધંધો પરંતુ ના અમો કાજે,
પ્રભુપ્રીત્યર્થ બેઠો તે થવાને સમાજ અર્થે છે.

સ્મરણના ભક્તને જીવન ન કંઈ આશા, અપેક્ષા છે,
સ્મરણનો ભક્ત નિશ્ચિંત શું સંપૂર્ણ બધી વાતે !

(૨)

શરૂશરૂમાં સ્મરણનું મેં નિયમનું વ્રત લઈ લઈને,
તકેદારી ઘણી રાખી સ્મરણને મેં વધાર્યું છે.

સ્મરણનું વ્રત પૂરેપૂરું હૃદય દૃઢતાથી જીવનમાં
-સતત શો પાળવાકેરો નિયમ પાકો જ પાળ્યો ત્યાં !

ભૂલેચૂકે કદીક ભંગ થતાં, શિક્ષા સહેલી છે,
નિયમને પાળવા દિલમાં શી મક્કમતા ધરેલી છે !

(૩)

સુવર્ણભસ્મની માત્રા શરીરશક્તિ બઢવવાને,
સ્મરણ પ્રત્યક્ષ શક્તિ તે જીવનમાં પ્રેરવા બળ છે.

કરે કાયાપલટ કેવું ન માન્યામાં જ આવે તે,
**પ્રયોગો તે કરી જોવા નિમંત્રું છું બધાં જનને.**

સ્મરણની ભક્તિ જીવંતી થતાં આધારમાં જ્યારે,
જીવનમાં **ગુણ**સામર્થ્ય પ્રગટતું, અનુભવેલું છે.

(૪)

**હરિ તારાં ચરણકમળો હૃદયના અશ્રુપાતેથી**
**-કંઈક વાર શું ભીંજવ્યાં છે ! જીવનકથની કથી દિલથી.**

રજેરજનું જીવનનું સૌ ચરણકમળે નિવેદ્યું છે,
કરતાં આત્મનિવેદન હૃદય મારું ભીંજાયું છે.

સ્મરણ ના ગોખવું માત્ર, ન ખાલી બોલવાનું તે,
સ્મરણ લેતાં હૃદયમાંનો શું માંહ્યલો જાગતો રહે છે !

(૫)

કશા સંકલ્પ વિકલ્પો હવે મન ના કરંતું છે,
બધી શંકા, કુશંકાઓ મતિની તો ટળી ગઈ છે.

સ્મરણની ભક્તિનો રંગ મતિમાં જ્યાં ચઢેલો છે,
થઈ બુદ્ધિ શી તેજસ્વીત થઈ છે આરસી સમ તે.

સ્મરણની ભક્તિના એવા ચમત્કારો અનુભવીને
-સ્મરણ સાધન પરે વારી ગયેલો છું હું તેથી તે.

(૬)

સ્મરણ મહિમા હું ગાવાને અશક્ત સાવ તોયે જે
-કૃપાથી યત્ન યત્કિંચિત્ થયો, શી મહેરબાની તે !

જીવનમાં જો **હરિ**ના છો, પ્રતિષ્ઠા, કીર્તિ, લક્ષ્મીયે
-કૃપાથી તે **હરિ**કેરી મળ્યા કરવાની તે તે છે.

જીવન જે **જીવદશા**નું છે, શી તેની ભસ્મ ચોળીને
-બધી તન પર લગાડીને અમે સંન્યાસ ધાર્યો છે.

'જીવન સૌરભ', પ્ર. આ. ❑

## (૫) શ્રીમોટાના જન્મસ્થળ : સાવલીની મુલાકાતે

શ્રી નંદુભાઈ

*સાવલી, તા. ૧૨-૩-૧૯૬૧*

આજે પૂજ્યના જન્મસ્થળના ગામે સવારે ૬-૩૦ વાગ્યે ઊગતા પ્રભાતે સાવલી ગામે પ્રવેશ્યા. નડિયાદથી ૪-૩૦ વાગ્યે બંધ જીપમાં સાવલી ગામે નીકળેલાં. બધાં મળીને ૧૧ જણ હતાં. રસ્તે નામસ્મરણ ધૂન ચાલતી હતી. પ્રથમ અત્રેના મામલતદાર સાહેબ કે જેઓ પૂજ્યના પ્રશંસક છે અને જેઓ અમારા યજમાન છે તેમને ત્યાં સીધા આવ્યા. આ ગામમાં પૂજ્યનાં સગાંઓ- ન્યાતીલાઓ છે. પૂજ્યના નજીકના એક પિતરાઈને ત્યાં સવારનું જમવાનું યોજાયું હતું. આ સૌ ભાઈઓએ પૂજ્યનું સ્વાગત સામૈયાના સ્વરૂપે સવારે કરવા વિચારેલું અને ભાગોળેથી ઉતારા સુધી વાજતેગાજતે લાવવાનું ધારેલું. આની જાણ પૂજ્યને થઈ જતાં તેમ ના કરવા લખી દીધેલું અને અમોએ આ લોકોને અમારો આવવાનો સમય ૯-૧૦ વાગ્યે જણાવેલ. જ્યારે અમો આવી ગયા ૬-૩૦ વાગ્યે. એટલે તેઓ સૌને વિસ્મય થઈ ગયું.

શ્રી મામલતદારને ત્યાં પ્રથમ આવ્યા-ઊતર્યા. ચાપાણી થયાં પછી બધા પરવારી ગયા કે તરત ૮ વાગ્યે પૂજ્યનાં ક્રીડાસ્થળો જોવા ગયા. ભાગોળે બે પીપળા છે. કૂવો છે. મહાદેવ છે. જ્યાં તેઓ નાનપણમાં રમેલા, તે બધાં સ્થળો જોયાં. બજાર જોયું. ત્યાંથી બે માઈલ દૂરના હનુમાનજીના મંદિરે ગયા. મોટા તળાવના કિનારે આ શાંત રમ્ય સ્થળ છે. મહાપ્રભુજીની બેઠક-હરરાયજીની બેઠક પણ અહીં છે. તેનાં દર્શન કર્યાં. એમ બધે ફરીને નવ વાગ્યે પાછા ફરીને તેઓના જન્મસ્થળના મકાને ગયા. આ મકાન ભાવસારવાડમાં છે. (સાવલીની વસ્તી ૮ થી ૯ હજારની છે અને તાલુકાનું હેડક્વાટર્સ છે. અસલ ગાયકવાડી હતું.) મકાન મોટું, લાંબું, ઊંડું અને માળવાળું છે. ઘણાં વર્ષો ઉપર તેઓના વડીલોએ તે રૂ. ૧૨૦૦/-માં વેચી નાખેલું. હાલની કિંમત રૂ. ૧૦,૦૦૦/- મુકાય ખરી. આ મકાનને જોતાં લાગે છે કે પૂજ્યના વડવાઓની આર્થિક સ્થિતિ આજુબાજુની પરિસ્થિતિની સરખામણીમાં સારી હશે અને હતી. એ મકાનના પાછલા ભાગમાં જ્યાં પૂજ્યનો જન્મ થયેલો તે સ્થળનાં દર્શન કર્યાં. આ મકાનને જોતાં હૃદય કૃતજ્ઞતાભાવે ગદ્ગદ થયેલું. આંખો મૃદુ અને અવ્યક્ત અશ્રુ ભારે-ભારે બની હતી. હૃદયમાં થડકાર થયેલો. એ સ્થળની કેટલી બધી પવિત્રતા હશે ! કે એવા સ્થળે આવા મુક્તનો જન્મ થયો ! ગુજરાતી શાળાની સામે જ મકાન છે. તે મકાનની નજીક જ તેમના પિતરાઈનું મકાન છે, જ્યાં અમારે સવારનું જમવાનું હતું. એ પુનિત મકાનમાં ઉપરનીચે, આગળપાછળ બધે મથુરીબહેન અને હું ફરી વળ્યાં. તે વેળા હૃદયમાં આભારભાવની ભાવના અને લાગણી મોજૂદ હતી. પૂજ્ય તો મકાનમાં દાખલ નહિ થયેલા. બહારથી બતાવીને પાછા ફરી ગયેલા અને પિતરાઈ ભાઈના મકાનમાં જઈને બેઠેલા. પિતરાઈ

ભાઈની આર્થિક સ્થિતિ સારી ગણાય. જમવાની વ્યવસ્થા વાનગીઓ આદિ ઉપરથી કુટુંબના સંસ્કારની સારી છાપ ઊઠતી હતી. જમ્યા બાદ તેઓએ પૂજ્યને ફૂલહારથી નવાજ્યા. યજમાને પૂજ્યશ્રીનો જમવાનો સમય ૧૦ વાગ્યાનો બરાબર પાળેલો. **પૂજ્ય ૪૦-૪૫ વર્ષ બાદ આ સ્થળે આવ્યા.** તેમનાં સગાંઓમાં વૃદ્ધો-વડીલો તેમને ઓળખી શકતા લાગ્યા. જેવો આનંદ મને મારા બચપણના ગામ ધોળકાને ૪૫ વર્ષ બાદ જોતાં થયેલો અને હૃદય આર્દ્ર બનેલું તેવું પૂજ્યના આ પુનિત જન્મસ્થળનાં દર્શન કરતાં થયું. બધો સમય ભાવમાં વીત્યો એ એની કૃપા. નડિયાદથી મોટર રસ્તે ૪૫ માઈલ આ સ્થળ છે. ટ્રેન દ્વારા ૬૦/૬૫ માઈલ થાય છે. નડિયાદથી ભાઈ સોમાભાઈ, શાંતિભાઈ (ગાંધી આશ્રમ), પી.ટી. પટેલ અને બીજા ભાઈઓ પણ સાથે આવેલા. પૂજ્યે ખાસ ચહીને શાંતિભાઈને પણ આવવા આમંત્રેલા. તે તેમની સર્વગ્રાહી દૃષ્ટિ બતાવે છે. શાંતિભાઈના પિતાનું પણ બાલ અને કિશોર વયનું આ સ્થાન ગણાય. શાંતિભાઈ અત્રે પહેલી વાર જ આવ્યા અને અમો પણ પ્રથમ વાર જ આવ્યા.

'શ્રીમોટાની મહત્તા', બી. આ., પૃ. ૧૭૪ ❑

પવન વસે નાભિસ્થળે, દુજો હૃદયાકાશ,
ઔર બસે બ્રહ્માંડ મેં, જીવનજ્યોત પ્રકાશ.
બાહર ઢૂંઢે નહિ મળે, ક્યૂં ચાહે વિનાશ ?
સત્પુરુષને આશરે, કરલે જ્ઞાન પ્રકાશ.
ફૂલમાળા-પ્ર.આ.(ટા.પે.૪) **-દાસાનુદાસ**

**વિવિધતા....(અનુસંધાન પૃ. ૫ નું ચાલુ)**

લોકો સમજી શકે એવી રીતે એમણે વાત મૂકી. એમનામાં એટલી બધી જાતિઓ હતી કે માંહોમાંહે લડી મરતી હતી. જુદા જુદા પથ્થરોને પૂજતા અને એથી માંહોમાંહે લડાઈ થતી. એમાંથી એમને ઉગારવા માટે મહંમદ સાહેબે આ પ્રયત્નો કરેલા. બધાંમાં એકતા આણવાનો પ્રયત્ન કર્યો. મુસલમાનોમાં આજે જે સંપ અને એકતા છે, એવાં આખી દુનિયામાં આજે નહિ મળે. મેં આના પર વિચાર કરેલો છે. ભગવાન મહંમદે આ સમાજને કેટલો બધો એક કર્યો છે. આ કોમમાં એમણે સંપ આણ્યો. એક ભાવ એમણે મૂક્યો જે આજે જીવતો છે. આ સંપ કંઈ આકાશમાંથી નથી આવ્યો, પણ મહંમદ સાહેબથી પ્રેરાયેલો છે.

ઈંગ્લૅંડની, જર્મનીની, રશિયાની પ્રજા જુઓ, તો ત્યાં પણ વિવિધતા છે. માટે, દરેકને એક રીતે સમજી નહિ શકાય. માટે, તેમની તેમની રીતે એમને સમજવા જોઈએ, તો આપણે યોગ્ય રીતે સમજી શકીએ. આપણી રીતે સમજવા જઈએ તો ભૂલથાપ ખાઈ જઈએ.

વિવિધતા, વિસ્તાર અને સળંગતા-(કન્ટિન્યુઈટી) પણ છે. કન્ટિન્યુઈટી ન હોય તો કશું ટકે નહિ. માટે, આ ત્રણેય સાથે છે.

મેં વેદ વાંચ્યા નથી પણ સાંભળ્યું છે એ પ્રમાણે વેદમાં કોઈ વ્યક્તિ, કોઈ એક સમાજ, કોઈ એક વર્ગને માટે લખાયું નથી. બધાંને લાગુ પડે એ રીતે લખાયું છે. પછી આપણે લઈ મંડ્યાં કે 'આ અમારું છે'. બાકી, એણે નથી જોયો બ્રાહ્મણધર્મ કે વૈષ્ણવધર્મ. એ રીતે આપણા ધર્મનો કોઈએ વિચાર નથી કર્યો.

'ગ્રહ-ગ્રહણ', પ્ર. આ., પૃ. ૧૮ ❑

# (૬) એકડા વિનાનાં મીડાં

**શ્રીરામકૃષ્ણ પરમહંસ**

જેમ જેમ સાધક આગળ વધે તેમ તેમ ઐશ્વર્યનો ભાગ ઓછો થતો જાય. સાધકને પહેલાં દર્શન થાય દેવી દશભુજાનાં, ઈશ્વરમૂર્તિનાં. એ સ્વરૂપમાં ઐશ્વર્યનો વધુ પ્રકાશ. ત્યાર પછી દર્શન થાય દ્વિભુજ-દેવીનાં. તેને દશ હાથ નહિ, એટલાં અસ્ત્ર-શસ્ત્રોય નહિ. ત્યાર પછી ગોપાલ સ્વરૂપનાં દર્શન, એમાં ઐશ્વર્ય જરાય નહિ, માત્ર નાના બાળકનું સ્વરૂપ. એથીયે આગળ છે, કેવળ જ્યોતિદર્શન. ઈશ્વરપ્રાપ્તિ થયે, પરમાત્મામાં સમાધિસ્થ થયે, પછી તર્ક-વિચાર બાકી રહે નહિ. તર્ક-વિચાર ક્યાં સુધી ? જ્યાં સુધી અનેકપણાનું ભાન હોય, જ્યાં સુધી જીવ,જગત, હું, તું એવું બધું ભાન હોય ત્યાં સુધી. જ્યારે બરાબર એકનું જ્ઞાન થાય ત્યારે તર્ક શાંત થઈ જાય, જેમ કે ત્રૈલંગ સ્વામી.

'બ્રાહ્મણોની નાત જમતી હોય ત્યારે જોતા નથી ? શરૂઆતમાં ખૂબ દેકારો. જેમ જેમ પેટ ભરાતું જાય તેમ તેમ અવાજ ઓછો થતો જાય. જ્યારે છેવટે દાળભાત આવી જાય, ત્યારે માત્ર સબડકા, સુપ, સુપ, બીજો કશો અવાજ નહિ. અને ત્યાર પછી નિદ્રા, સમાધિ. ત્યાર પછી અવાજનું નામનિશાન નહિ !'

કેટલાય વાતો કરે બ્રહ્મજ્ઞાનની, પરંતુ હલકી વસ્તુઓમાં જ મશગૂલ રહે, ઘરબાર, પૈસાટકા, માનમરતબો, વિષયભોગ એ બધાંમાં.

બ્રહ્મજ્ઞાન થાય એટલે સંસાર ઉપરની આસક્તિ, કામકાંચન ઉપરની પ્રીતિ એ બધું ચાલ્યું જાય, બધું શાંત થઈ જાય. લાકડાં સળગતી વખતે કેટલોય તડ તડ અવાજ અને અગ્નિની ઝાળ થાય, પણ બધું બળીને ખાખ થઈ ગયા પછી અવાજ જ રહે નહિ. તેમ આસક્તિ જતાં જ ઉમંગ ચાલ્યો જાય અને છેવટે શાંતિ. ઈશ્વરની જેટલા નજીક આગળ વધશો તેટલી શાંતિ વધશે, શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ પ્રશાન્તિઃ. ગંગાની જેટલા નજીક જાઓ તેટલી ઠંડક વધુ લાગે. સ્નાન કર્યે એથીયે વધુ શાંતિ.

પણ જીવ, જગત, ચોવીસ તત્ત્વો એ બધું ઈશ્વર છે એટલે છે. ઈશ્વરને બાદ કર્યે કશુંયે રહે નહિ. એકડાની પાછળ મીડાં ચડાવ્યે સંખ્યા વધી જાય. એકડાને ભૂસી નાખ્યે એ બધાં મીડાંની કોઈ જ કિંમત નહિ.

બ્રહ્મજ્ઞાનની પછી, સમાધિ પ્રાપ્ત થાય પછી, કોઈ કોઈ નીચેની ભૂમિકાએ ઊતરી આવીને ભક્તિનો અહમ્, વિદ્યાનો અહમ્ રાખીને રહે. નારદ જેવા લોકોપદેશ માટે ભક્તિનો અહમ્ રાખીને રહે. શંકરાચાર્યે લોકોને ઉપદેશ કરવા માટે વિદ્યાનો અહમ્ રહેવા દીધો હતો.

મનમાં જો સહેજ પણ આસક્તિ રહી જાય તો ઈશ્વરને પામી શકાય નહિ. જેણે ઈશ્વર પ્રાપ્તિ કરી હોય તેનામાં ક્રોધાદિ નામમાત્ર જ રહે. જેમ કે બળેલી સીંદરી. એ સીંદરીનો આકાર માત્ર હોય, પણ ફૂંક મારતાં જ ઊડી જાય તેમ. મન આસક્તિ રહિત થતાં જ ઈશ્વરનાં દર્શન થાય. શુદ્ધ મનમાં જે ઊઠે તે ઈશ્વરની જ વાણી. શુદ્ધ મન એ જ શુદ્ધ બુદ્ધિ, શુદ્ધ આત્મા પણ એ જ, કારણ કે પરમાત્મા વિના બીજું કોઈ સંપૂર્ણ શુદ્ધ નથી.

'શ્રીરામકૃષ્ણ કથામૃત', ભાગ-૧ પ્ર. આ; પૃ. ૧૪૨ ❑

# (૭) શ્રદ્ધા જ મુખ્ય, મૂર્તિ નહિ

**શ્રીરંગ અવધૂત**

શ્રીરંગ અવધૂતનાં દર્શને અમદાવાદના એક ગૃહસ્થ આવ્યા. પૂજ્ય બાપજીને પગે લાગી, સામે બેસી પોતાના અંતરની મૂંઝવણ રજૂ કરવા માટેની આજ્ઞા માગી. પૂજ્ય બાપજીએ કહ્યું કે એવો એક પણ પ્રશ્ન નથી કે જેનો શ્રીસદ્ગુરુની કૃપાથી ઉકેલ ન હોય. માટે જે કોઈ પ્રશ્ન તમારા મનને મૂંઝવતો હોય તે કોઈ સંકોચ વિના જણાવો.

ગૃહસ્થે જણાવ્યું કે હું ધ્યાનમાં બેસવાના પ્રયત્નો કરું છું, પણ મારું ચંચળ મન સ્થિર થતું નથી. એટલે મને મનમાં વિચાર આવ્યો છે કે મારી સામે કોઈ મૂર્તિ રાખી તેનું અવલંબન લઉં તો મનને સ્થિર કરવામાં કંઈક મદદ મળે. એટલે આપ કહો તે દેવની મૂર્તિ લાવી તેને સન્મુખ રાખી હું ધ્યાન ધરું.

પૂજ્ય બાપજીએ સૂચવ્યું કે કુળ પરંપરાના તમારા જે ઈષ્ટદેવ હોય તેના ઉપર શ્રદ્ધા ધરી પ્રેમથી પૂજા કરો. **શ્રદ્ધા જ મુખ્ય વસ્તુ છે.** ઘરના દેવસ્થાનમાં પૂજા માટે જે મૂર્તિઓ રાખી હોય તેમાંથી જ એક સુંદર મૂર્તિ તમને બહુ ગમતી હોય એને સન્મુખ રાખીને રોજ ધ્યાન ધરો, અથવા તમારા ઘરમાં જે કોઈ દેવ-દેવીઓના ફોટા કે છબીઓ હોય તે પૈકી જે છબી જોઈને તમને હૃદયમાં આનંદ થતો હોય તે છબીને સન્મુખ રાખીને ધ્યાન ધરો. એ ભાઈએ જણાવ્યું કે મારા ઘરમાં હું કોઈ દેવ, દેવી કે સંતનો ફોટો કે છબી રાખતો નથી. એટલો હું નાચીજ છું.

પૂજ્ય બાપજીએ પોતાના કોમળ સ્વરને સહેજ ઊંચો કરીને પૂછ્યું કે તો પછી તમે કોની છબીઓ રાખો છો ? ગૃહસ્થે કહ્યું કે મારાં સગાં-સ્નેહી, મિત્રો અને કુટુંબીજનોની છબીઓ રાખી છે. શ્રીઅવધૂતજીએ એકાદ પળ ગૃહસ્થની સામે જોઈને કહ્યું કે તો પછી તે છબીઓ પૈકી જે કોઈ છબી તમોને પ્રિય હોય તે ઉતારી, સામે રાખી તેનું ધ્યાન ધરો ! ગૃહસ્થ જવાબમાં બોલ્યા કે એ બધી છબીઓ પૈકી મને તો મારી પત્નીની છબી ગમે છે, તો તેની છબી સામે રાખીને ધ્યાન ધરી શકું ?

પૂજ્ય બાપજી ક્ષણ બે ક્ષણ મૌન રહ્યા. સામે બેઠેલા ગૃહસ્થ ઉપર એક વેધક નજર નાખી મનમાં વિચારવા લાગ્યા કે આ તો જબરો નીકળ્યો ! આજુબાજુ બેઠેલા અન્ય ભક્તોની ઉત્સુકતા આ વાતોથી વધી ગઈ. થોડીવાર પછી પૂજ્ય અવધૂતજીએ કહ્યું કે તમે તમારી પત્નીની એક સુંદર છબી સામે રાખીને ધ્યાન-ધારણા કરો તેમાં કોઈ વાંધો નથી, પરંતુ તેમ કરતાં તમારું મન સ્થિર થવું જોઈએ. પત્નીનું ધ્યાન ધરતાં મનમાં વિકૃતિ ન આવે, વિકાર પેદા ન થાય એવો વિશ્વાસ હોય તો પ્રયાસ કરી જુઓ. આ સાંભળી ગૃહસ્થથી એકદમ બોલાઈ જવાયું કે અગ્નિ પાસે દારૂ ધરતાં એકદમ ભડકો જ થાય, એમ સુંદર પત્નીનું ધ્યાન ધરતાં વાસના જ પ્રદીપ્ત થાય એટલે એવું ન થાય એવું તો મારાથી નહિ બની શકે.

પૂજ્ય અવધૂતજીએ છેલ્લે કહ્યું કે તો પછી હું કહું તેમ કરો. તમારી જન્મદાત્રી જે મા છે, તેનો જે સુદર ફોટો હોય તે સામે રાખીને ધ્યાન ધરો એટલે મન પ્રસન્ન રહેશે અને વિષય વિકાર છિન્નભિન્ન થઈ જશે. માની સુંદર છબીનું સાત્ત્વિક આલંબન વાસનાને દૂર ભગાડી દઈ, મનને નિર્મળ કરશે.

'શ્રીરંગલીલામૃત', બીજી આ., પૃ. ૩૫૮-૩૬૦ (સંકલન) ❑

## (૮) 'જે સરી જાય છે, તે સંસાર' શ્રીમોટા

ખરેખરો અને સાચેસાચો સંસારનો તાપ જે જીવને લાગે છે તે જીવને સંસારમાંથી મન પાછું હઠાવી લેતાં વાર લાગતી નથી. **સંસારનો તાપ ભલભલા તાપ કરતાં ઘણો આકરો છે.** એમાંનો તલમાત્ર જેટલો (તાપ) આપણે તો સહન કર્યો નથી. એ સંસારના તાપમાં તપીને રાતા તાંબા જેવા જે જીવ થયા હોય અને તેમાંથી પાછા વળ્યા હોય અને અંતર્મુખ થયા હોય તે જીવ ઘણા પાકટ થાય છે. તેવા જીવો સંસારમાં લોભાતા નથી. કોઈ વખતે એવું પણ બને છે કે એવા જીવો માયામાં લપટાઈ જાય છે. નારાયણ કરતાં લક્ષ્મીનું જોર, પ્રભાવ અને પ્રતાપ સંસારમાં સોએ સો ટકા છે. મૂર્ખ અને સાવ અણસમજુ હોય પણ જો ખૂબ ધનાઢ્ય હોય તો બધા તેને 'શેઠ સાહેબ કહીને' માન આપવાના, પણ જો સદ્‌ગુણવાળો અને સદ્‌ભાવયુક્ત એક તદ્દન ગરીબ ભિખારી હોય તેને હાડછેડ કરતાં સંસારી લોકને વાર લાગતી નથી.

એટલે આપણે મન તો સંસારનું મૂલ્યાંકન તદ્દન જુદી રીતનું હોવું ઘટે. **'જે સરી જાય છે તે સંસાર.'** જે જતો રહેવાનો છે અને રહેવાનો નથી તેને વિશે તે વળી આટલી બધી મથામણ શી ? તેની સાથે આ મન તેમાં ને તેમાં પડ્યું રહે છે અને મન એના વિચારમાં લથબથ રહ્યા કરે છે, એની તે શી વાત કરવી ? મન વડે જ બંધન અને મોક્ષ છે. મનમાં જેવો ભાવ, ભાવના, લાગણી કે વૃત્તિ રહેવાની તેવો તેવો સંસાર લાગવાનો છે માટે, આપણે તો બધાંના મૂળરૂપ મનને ફેરવવાનું છે. માટે, ત્યાં સદાય ભક્તિનો તાલ રહ્યા કરે તો મન સરળતાથી પાંસરું રહે. આ તો પાંસરું જ રહેતું નથી ત્યાં એની શી વાત કરવી ? અને એને ઠેકાણે પાડ્યા સિવાય કશું કામ પણ થવાનું નથી. માટે, મનને ઘણી ઘણી મથામણ કરાવ્યાં કરવાની છે, વારેવારે ઘડી ઘડી એને ટકોર્યાં કરી, સંકોર્યાં કરી, સંકેલવાનું છે ! જાગ્યા વિના જગાવાનું નથી. બાકી તો સંસાર આપણને ગળી જશે. માટે, આપણે તો બસ જાગો, જાગો અને જાગો જ. સદાય મનને જાગૃત રાખવું. મન જો જાગૃત રહીને શ્રીપ્રભુના મનન, ચિંતવન અને નિદિધ્યાસનમાં જીવી શકાયું તો કંઈક સાધન કરી શકીશું. જાગૃત મન જે સાધના કરી શકે છે, તે જ સાધના ફળી શકે છે.

જે માણસને જે રસ્તે જવું પડે છે તે રસ્તે જતાં આડાઅવળું થવાતાં એકદમ સમજણ પડે છે અથવા તો પોતે રસ્તે જતો હોય અને ભૂલો પડ્યો છે તેવું ભાન થતાં સાચા રસ્તાની પૂછપરછ કરે તો રસ્તો જડી આવે છે. જેને સાચે ઠેકાણે પહોંચવું છે અને પોતે વારંવાર ભૂલું પડાતાં ચેતીને સીધે રસ્તે ચડે છે તે કોઈક વખત તો સીધે રસ્તે ચડી જવાનો છે એટલી વાત તો નક્કી.

**સાધનાનું પરિણામ પ્રકૃતિ અને સ્વભાવનું રૂપાંતર.** તે માટે આપણે પ્રખર પુરુષાર્થ કર્યા કરવો પડશે, તે વિના કશો દહાડો વળવાનો નથી. જેની કૃપામદદથી ચડવાનું કરીએ છીએ તેનામાં એવી શક્તિ છે કે કેમ તેનો પાકો, દૃઢ નિશ્ચયનો અનુભવ થયા વિના તેનામાં મન, બુદ્ધિ, ચિત્ત પ્રાણ અને અહંકાર પણ ઠરવાનાં નથી. **પ્રભુકૃપાથી મળેલાં સ્વજનોને એવા કંઈક અનુભવ થયેલા છે**, પરંતુ તેમની ભૂમિકા સાચી જ્ઞાનપ્રેમભક્તિ રંગથી પૂરી રંગાયેલી નહિ હોવાથી, જીવનવિકાસનાં પગલાંમાં જેવો ઉઠાવ થવો ઘટે તેવો થઈ શક્યો નથી.

'જીવનમંડાણ', ચોથી આ., પૃ. ૧૭૪ ❑

# (૯) મૌનનો મહિમા

ગાંધીજી

સત્યના શોધકે મૌન રહેવું જોઈએ એવું મને ઘણી વાર લાગ્યું છે. ધારેલાં પરિણામ લાવવાની મૌનની અદ્‌ભુત શક્તિનો મને પરિચય છે. દક્ષિણ આફ્રિકામાં હું એક ટ્રેપિસ્ટ સાધુઓનો મઠ જોવા ગયો હતો. તેમાંના ઘણાખરા મૌનવ્રતધારી મુનિ હતા. મેં મઠના વડાને આવું વ્રત ધારણ કરનારાઓનો આશય શો છે તે પૂછ્યું અને તેમણે કહ્યું તે સ્પષ્ટ છે. 'આપણે બધા નબળા માનવી જીવો છીએ. ઘણી વાર આપણે શું બોલીએ છીએ તેનું આપણને ભાન હોતું નથી. આપણે કાયમ બોલ બોલ કર્યા કરીએ તો આપણા અંતઃ-કરણમાંથી ઊઠતો શાંત ઝીણો અવાજ આપણે કાને નહિ પડે.' એ કીમતી પાઠનો મર્મ હું સમજ્યો. મૌનના રહસ્યનો મને પરિચય છે.

यंग इन्डिया, ૬-૯-૧૯૨૫

અનુભવે મને એ પણ બતાવ્યું છે કે સત્યના પૂજારીએ મૌનનું સેવન કરવું ઘટે છે. જાણ્યે-અજાણ્યે પણ મનુષ્ય ઘણી વેળા અતિશયોક્તિ કરે છે અથવા જે કહેવા યોગ્ય હોય તે છુપાવે કે જુદી રીતે કહે છે. આવાં સંકટોમાંથી બચવાને ખાતર પણ અલ્પભાષી થવું આવશ્યક છે. થોડું બોલનાર વગર વિચાર્યે નહિ બોલે, પોતાના દરેક શબ્દને તોળશે. ઘણી વેળા માણસ બોલવાને અધીરો બને છે. 'મારે પણ બોલવું છે' એવી ચિઠ્ઠી કયા પ્રમુખને નહિ મળી હોય? પછી તેને વખત આપવામાં આવ્યો હોય તે તેને સારુ પૂરતો નથી થતો. વધારે બોલવા દેવાની માગણી કરે છે, ને છેવટે રજા વિના પણ બોલ્યા કરે છે ! આ બધાના બોલવાથી જગતને લાભ થયેલો ભાગ્યે જ જોવામાં આવે છે. તેટલા વખતનો ક્ષય થયેલો સ્પષ્ટ જોઈ શકાય છે.

आत्मकथा, પા. ૬૨

આપણે ક્રોધથી ભરેલાં માનવીઓ જો મૌનની ઉપયોગિતા સમજીએ તો જગતની લગભગ અડધી આપત્તિ ઓછી થઈ જાય. આધુનિક સુધારો આવી પડ્યો તે પહેલાં ચોવીસ કલાકમાંથી પાંચ છ કલાક તો શાંતિના આપણને મળતા જ હતા. આધુનિક સુધારાએ આપણને રાતનો દિવસ કરતાં ને સુવર્ણસમ શાંતિને બદલે પાર વિનાનાં હોહા ને શોરબકોર કરતાં શીખવ્યું. આપણે આપણા પ્રવૃત્તિમય જીવનમાં દિવસમાં ઓછામાં ઓછા બે કલાક પણ એકાંતમાં ગાળી શકીએ અને એ પરમ મૌનનો અવાજ સાંભળી શકીએ તો કેવું સારું ! **એ ઈશ્વરી રેડિયો તો હંમેશાં વાગી જ રહ્યો છે,** માત્ર એ સાંભળવા માટે આપણા કાન ને મન તૈયાર કરવાં રહે છે. પણ એ રેડિયો મૌન વિના સંભળાય એવો નથી. ખ્રિસ્તી સંત ટેરેસાએ મૌનના સુંદર પરિણામનું સરસ વર્ણન કરતાં કહ્યું છે :

'તમારી બધી ઇંદ્રિયો એકદમ ભેગી મળીને

**(અનુસંધાન પૃ. ૨૦ પર)**

## (૧૦) શ્રીસદ્ગુરુ દેવાધિદેવ છે

**સમર્થ સ્વામી રામદાસ**

સદ્ગુરુ વિનાનો સત્શિષ્ય હોય તોપણ તે વ્યર્થ છે અને જો સત્શિષ્ય ન હોય તો સદ્ગુરુનો શ્રમ વ્યર્થ જાય છે. સદ્ગુરુ સંપૂર્ણ કૃપા કરે છતાં શિષ્ય જો અનધિકારી હોય તો તે પણ ભાગ્યશાળી પિતાના ભિખારી પુત્રની પેઠે જાણવું. સદુપાસના, સત્કર્મ, સ્વધર્મ, સત્સંગ અને નિરંતર નિત્યનિયમ એ સર્વનો જ્યાં યોગ હોય ત્યાં શુદ્ધ જ્ઞાન સ્થિર થાય છે. સદ્ગુરુ જો ધારે તો અનેક પ્રયત્નો વડે શિષ્યના અવગુણોને બદલી શકે છે. એટલા માટે સદ્ગુરુ હોય તો જ સન્માર્ગની પ્રાપ્તિ થાય. સદ્ગુરુના વચનમાં પૂર્ણ વિશ્વાસ રાખી અનન્ય ભાવથી સદ્ગુરુના શરણ થઈને રહેવું, તે જ મુખ્યત્વે કરીને સત્શિષ્યનું લક્ષણ છે. અને તેને સત્શિષ્ય જાણવો.

સંસારનાં દુઃખોથી દુઃખી થયેલો હોય અને જે ત્રિવિધ તાપથી દગ્ધ થયેલો હોય તે જ પરમાર્થ માર્ગનો અધિકારી થયો એમ જાણવું. જેણે ઘણું દુઃખ ભોગવ્યું હોય તેનામાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. સંસારનાં દુઃખોને લઈને જ વૈરાગ્યની ઉત્પત્તિ છે. જેની પાછળ સંસારનો ત્રાસ હોય તેનામાં પરમાર્થ પ્રત્યે વિશ્વાસ ઊપજે છે અને એ વિશ્વાસના બળથી જ તે સદ્ગુરુ-ચરણનો આશ્રય પકડે છે. જે સદ્ગુરુના વચનથી શાંતિ પામી ચૂક્યો હોય તેને સાયુજ્યમુક્તિનો અધિકારી સમજવો. સંસારનાં દુઃખોથી તે કદાપિ દુઃખી થતો નથી.

સદ્ગુરુથી પણ જેને દેવ શ્રેષ્ઠ લાગે છે તે અભાગીઓ છે. સદ્ગુરુસ્વરૂપ જ નિત્ય છે અને સદ્ગુરુના અભાવે જે હરિ-હરાદિક સગુણ દેવોને શ્રેષ્ઠ માને છે તે અભાગીઓ છે, કેમ કે કલ્પના અંતમાં સગુણ દેવોનું સામર્થ્ય ચાલતું નથી. માટે સદ્ગુરુનું સામર્થ્ય અધિક છે. સદ્ગુરુના સામર્થ્યની આગળ બ્રહ્માદિક દેવો કાંઈ જ નથી, પરંતુ રંક એવા અલ્પબુદ્ધિ મનુષ્યો તે જાણતા નથી. સદ્ગુરુદેવની તથા દેવતાઓની જે તુલના કરે તે શિષ્ય દુરાચારી જાણવો. તેના અંતરમાં ભ્રાંતિ ઊપજવાને લીધે સિદ્ધાંત વાત જાણી શકતો નથી. મનુષ્યોએ ભાવના વડે દેવને કલ્પીને મંત્રો વડે તેનામાં દેવત્વ આણેલું છે, પરંતુ સદ્ગુરુસ્વરૂપ તો ઈશ્વરથી પણ કલ્પી શકાય તેમ નથી. એટલા માટે દેવથી કોટિગણા વધારે એવા સંપૂર્ણ રીતે સદ્ગુરુ જ છે. **સદ્ગુરુપદથી વિશેષ ચડિયાતું અન્ય કશું જ નથી.** તો પછી માયાજનિત દેવસામર્થ્ય તે કેટલું ?

જેના ઉપર સદ્ગુરુની કૃપા થઈ છે તેની આગળ બીજાનું સામર્થ્ય ચાલી શકે નહિ. સદ્ગુરુકૃપાના બળથી અને અપરોક્ષ જ્ઞાનની પ્રબળતાથી માયા સાથે અખિલ બ્રહ્માંડ તેના કાંઈ લેખામાં જ હોતું નથી. સત્શિષ્યનો વૈભવ આવો હોય છે. સદ્ગુરુના વચન ઉપર સત્ શિષ્યનો દૃઢ વિશ્વાસ હોય છે, તેથી સ્વતઃ જ દેવાધિદેવ (સદ્ગુરુ) બની જાય છે. અનુતાપ વડે અંતઃકરણ તપ્ત થવાથી ચિત્તશુદ્ધિ થયા પછી સદ્ગુરુના વચનથી શાંતિ પામીને એ વચનને અનુરૂપ ચાલવા-વર્તવા માંડે. એટલે બ્રહ્માંડ ઊંધું વળી જાય તોપણ તેમનો શુદ્ધ ભાવાર્થ-અચળ ગુરુભક્તિ ચલાયમાન થાય જ નહિ અને સદાચરણી બનીને શુદ્ધ ઈશ્વરસ્વરૂપ થઈ જાય છે.

વિષયમાં જેને સુખ લાગતું હોય અને દેખાદેખીથી લૌકિક રીતે જેઓ પરમાર્થ સંપાદન કરવા ઈચ્છતા હોય એવા વેશધારી ઢોંગી અસત્ શિષ્ય હોય છે. આવા શિષ્યો દેખાદેખીથી જ સદ્‌ગુરુના શરણે જાય છે. એવાઓની વૃત્તિ પ્રપંચના વિષયમાં અનિવાર્ય થાય છે તથા તેઓ સંસારની જાળમાં લપટાઈ જાય છે. પરમાર્થ વિષયમાં આલસ્ય અને સાંસારિક વિષયમાં પ્રીતિ રાખવાથી તેઓ કેવળ કુટુંબના ભારવાહક મજૂર જેવા થઈ જાય છે. વિષયાસક્ત પુરુષથી પરમાર્થ પ્રાપ્તિ થઈ શકતી નથી. એવાઓએ પુનઃ સદ્‌ગુરુના શરણે જઈને સેવાથી સંતોષ પમાડી, સદ્‌ગુરુકૃપાનું સંપાદન કરી પુનઃશુદ્ધ થવું રહ્યું. અસત્ શિષ્ય ભૂખતરસને સહન કરી શકતો નથી, નિદ્રા તેના અંકુશમાં હોતી નથી અને તેના મનમાંથી કુટુંબની ચિંતા મટી જતી નથી.

'શ્રીદાસબોધ', પ્ર.આ; પુનઃપ્રકાશન, પૃ. ૨૦૨ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સદ્‌ગત ધર્મપત્ની શ્રીમતી પ્રવીણાબહેનની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે જ્ઞાનદાન હસ્તે પ્રો. શ્રી જયંતીભાઈ એચ. શાહ | અમદાવાદ | ૧૫,૦૦૦/- |
| ૨. | શ્રી દિનેશભાઈ આર. પટેલની દીકરી સોનાલીના જીવનસાથી ડૉ. ધવલકુમાર હિતેન્દ્રભાઈ પટેલની રેસીડન્સી બાદ સર્વિસ શરૂ થયા નિમિત્તે હસ્તે લલિતાબહેન રામભાઈ પટેલ | પલાણા (હાલ અમેરિકા) | ૧૧,૦૦૦/- |
| ૩. | ગીતાબહેન રવિશંકર જોષી જન્મદિન નિમિત્તે | કપડવંજ | ૧૦,૦૦૦/- |
| ૪. | ગોવિંદલાલ રમણલાલ શાહ (૭૫મા વર્ષ નિમિત્તે) | કપડવંજ | ૭,૫૦૦/- |
| ૫. | જગદીશભાઈ મારફતીયા | સુરત | ૫,૦૦૦/- |
| ૬. | હસમુખભાઈ પરમારનાં સદ્‌ગત પત્ની દર્શનાબહેનની પુણ્યસ્મૃતિમાં | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૭. | ચીમનલાલ બેચરદાસ પટેલ ધર્મપત્ની શાંતાબહેનની ૧૧મી પુણ્યતિથિ (૨૩-૭-૨૦૧૫) નિમિત્તે | રાણીપ | ૧,૧૦૦/- |
| ૮. | સદ્‌ગત કિરીટભાઈ બાબુભાઈ તમાકુવાળાના જન્મદિન નિમિત્તે (તા.૭ ઑગસ્ટ) હસ્તે જતીનભાઈ કે. તમાકુવાળા | સુરત | ૧,૦૦૧/- |
| ૯. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | અરવિંદભાઈ નાનાભાઈ ચપટવાલાની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ઉષાબહેન ચપટવાલા | સુરત | ૫૦૧/- |
| ૧૧. | શ્રીમતી કોકિલાબહેન કિશોરભાઈ બારાઈ | ચેન્નાઈ | ૫૦૦/- |
| ૧૨. | ચિ. હેત્વી હનિષ કે. ગાંધી (જન્મદિન ૧-૮) નિમિત્તે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૩. | પુષ્પાબહેન કનૈયાલાલ પટેલ ગુરુપૂર્ણિમા (બે વર્ષની) નિમિત્તે | અમદાવાદ | ૪૦૨/- |
| ૧૪. | ધર્મિષ્ઠાબહેન શરદભાઈ ડૉક્ટર | સુરત | ૩૦૦/- |
| ૧૫. | પ્રવીણચંદ્ર ભાવસાર સદ્‌ગત પિતાશ્રી વાડીલાલની પુણ્યતિથિ અને ધર્મપત્ની તારામતીબહેનના જન્મદિન નિમિત્તે | વડોદરા | ૨૦૦/- |

આ સર્વેના અમે આભારી છીએ.

# (૧૧) 'ૐકાર' શ્રેષ્ઠમંત્ર

શ્રીદાસાનુદાસ

આપણું શરીર એ સ્થૂળદેહ છે. આત્મા, મન, બુદ્ધિ એ સૂક્ષ્મદેહ છે. આપણી ચેતના (આત્મા) એ આપણું મૂળ સ્વરૂપ છે. ચેતનાનો અવિરત પ્રવાહ આપણાં ચિત્તમાં, મનબુદ્ધિમાં, દેહઇંદ્રિયોમાં ચાલ્યા જ કરે છે. **જ્યાં ગતિ છે ત્યાં ધ્વનિ છે જ,** તેથી આપણામાં ચેતનાની ગતિનો જે ધ્વનિ થાય છે, તેને ૐકાર તરીકે આપણે ઓળખીએ છીએ.

ૐકારનાં પાંચ અંગ છે. (૧) અકાર (૨) ઉકાર (૩) મકાર (૪) અર્ધચંદ્રાકાર (૫) શૂન્યાકાર.

અકાર નાભિમાં, ઉકાર હૃદયમાં, મકાર લલાટમાં, અર્ધચંદ્રાકાર લક્ષબિંદુમાં અને શૂન્યાકાર બ્રહ્મગ્રંથિમાં છે.

(૧) નાભિમાં શ્વાસનો ધ્વનિ (૨) હૃદયમાં પ્રાણનો ધ્વનિ (૩) લલાટમાં ચેતનાનો ધ્વનિ (૪) લક્ષબિંદુમાં લક્ષનો ધ્વનિ (૫) બ્રહ્મગ્રંથિમાં બ્રહ્મનો ધ્વનિ રહેલો છે.

**ૐકારનું બીજું નામ પ્રણવ છે. તે લખાતો નથી, છતાં પણ તે સમજી શકાય છે.**

તેની ગતિ પ્રતિપળે વ્યક્તિ અને સમષ્ટિની સાથે સંકળાયેલી છે. તે ગતિના પાંચ ભાગ છે. તેનાં પાંચ નામ છે. તેનાં પાંચ મુખ્ય સ્થળ છે.

(૧) અકાર-નાભિમાં. (૨) ઉકાર-હૃદયમાં. (૩) મકાર-લલાટમાં. (૪) અર્ધચંદ્રાકાર-લક્ષમાં અને (૫) શૂન્યાકાર- અલક્ષમાં.

**અકાર** એટલે શ્વાસની ગતિ, તેનું સ્થાન નાભિમાં હોય છે.

**ઉકાર** એટલે પ્રાણની ગતિ, તેનું સ્થાન હૃદયમાં હોય છે.

**મકાર** એટલે ચેતનાની ગતિ, તેનું સ્થાન લલાટમાં હોય છે.

**અર્ધચંદ્રાકાર** એટલે લક્ષની ગતિ, તેનું સ્થાન બ્રહ્મગ્રંથિની નીચેના ભાગમાં હોય છે. અને

**શૂન્યાકાર** એટલે અલક્ષની ગતિ, તેનું સ્થાન બ્રહ્મગ્રંથિમાં હોય છે.

આ પાંચે ગતિનું ઐક્ય તેનું જ નામ પ્રણવ.

આ પાંચે જાતના ધ્વનિનું ઐક્ય તેનું જ નામ ૐકાર-તેને યોગીઓ પ્રણવમંત્ર પણ કહે છે. વળી, તેને અજપાજપ પણ કહેવામાં આવે છે, કેમ કે તેમાં કશું જ બળ કરવું પડતું નથી, છતાં એક મહાન કાર્ય થયા જ કરે છે. આપણે તો કેવળ આપણી બહાર ફેલાઈ ગયેલી દૃષ્ટિને પાછી વાળીને તે ધ્વનિમાં સ્થિર કરવાની છે. બસ, પછી તો આનંદ, આનંદ, આનંદ. માટે જ **ચોવીસ કરોડ મંત્રોમાં ૐકાર એ શ્રેષ્ઠ મંત્ર છે.**

'ફૂલવાડી', બી.આ., પૃ. ૩૮ ❑

**જગત - અંતરજગત**

**જગતનો ત્રાસ સહન કર્યા વિના**
**જગદીશને પ્રાપ્ત કર્યા હોય**
**એવો એક તો સંત બતાવો !**
**સહન કરે તે સંત, તેને મળે ભગવંત.**

**- જ્યાં સુધી તમારામાં જગતના ભાવો ભર્યા છે ત્યાં સુધી જ્યાં જશો ત્યાં જગત જ છે. જગતના ભાવો એટલે કે રાગદ્વેષ, મારું તારું વગેરે નષ્ટ પામશે ત્યારે જ્યાં છો ત્યાં જ જગદીશ દેખાશે.**

**ફૂલમાળા પ્ર.આ. પૃ.૧૪ - દાસાનુદાસ**

સુષુમ્ણા નાડી જાગૃત થાય ત્યારે શરીરમાં ઘણી ગરમી થાય છે. સુષુમ્ણા જ્ઞાનનાડી છે. ઈડા ઔર પિંગલા-સૂર્ય ઔર ચંદ્ર યે દોહી નાડીઓં કા અનુભવ સામાન્ય જનોને હોય છે.

ક્યારેક સૂર્ય નાડી ચાલતી હોય છે, ક્યારેક ચંદ્ર. કૌન સી નાડી ચલતી હૈ ઔર કિતની તેજ ચલતી હૈ ઉસ પર સે અમુક કાર્ય સિદ્ધ હોગા યા નહીં હોગા વો કહા જાતા હૈ. **નાડી-સ્વર પરીક્ષા કા એક શાસ્ત્ર હૈ.** અમુક કામ અમુક નાડી ચાલતી હોય ત્યારે કરાય તો સારું જ પરિણામ આવે અને વિપરીત નાડી ચાલતી હોય ત્યારે કરીએ તો ઊલટું પરિણામ આવે. **પ્રાણ ઔર અપાન દોનોં કી ગતિ કો સંતુલિત કરના હી પ્રાણાયામ હૈ.**

સુષુમ્ણા નાડી તો જ્ઞાનનાડી હૈના ? તો જેમ જેમ સુષુમ્ણા જાગૃત થઈ એને પછી ભૂત, ભવિષ્ય ઔર વર્તમાન ત્રણે કાળની ખબર પડે. અહીં બેઠાં બેઠાં એ બધું જોઈ શકે, સાંભળી શકે. રડાર હોય છેના ? રડારને કારણે ખબર પડે છે કે પાકિસ્તાન તરફથી અમુક વિમાન અમુક કિ.મિ.ની ગતિથી આવી રહ્યું છે. **જિસ મનુષ્ય ને રડાર બનાયા તો ઉસ કી ખોપડી મેં કહીં ન કહીં રડાર હોગા હી.** હમારે શરીર મેં યે સબ ઈલેક્ટ્રોનિક્સ હૈ. જૈસે હમ ફોન સે બાત કરતે હૈં, વાયરલેસ સે કરતે હૈં-વૈસી હી શક્તિ ટેલિપથી કી હૈ. સુષુમ્ણા નાડી જ્ઞાનનાડી હૈ. ઉસ સે સભી પ્રકાર કે જ્ઞાન સિદ્ધ હોતે હૈં.

સ્થૂળ, સૂક્ષ્મ, કારણ ઔર મહાકારણ-ચાર પ્રકાર કે શરીર હોતે હૈં. લેકિન આપણને તો સ્થૂળ કે સિવા ઔર કિસી કા અનુભવ હી નહીં. **સૂક્ષ્મ શરીર સે હમ કહીં ભી જા સકતે હૈં, કિસી કો ભી મિલ સકતે હૈં.**

મેં પૂછ્યું, 'સ્વપ્નાનુભવ વખતે સૂક્ષ્મ શરીર કામ કરતું હોય છે ?'

સ્વામીજીએ કહ્યું, 'નહિ.' સ્વપ્ન બીચ કી સ્થિતિ હૈ. ન જાગૃત ન ચ સુષુપ્તિ. તુમ પૂરે સોયે ભી નહીં, પૂરે જાગૃત ભી નહીં-ઐસી સ્થિતિ કા નામ સ્વપ્ન હૈ. ઈસલિયે તો **જીવન કો ભી સ્વપ્નવત્ માના ગયા હૈ. જિંદગી માનો એક લંબા સપના હૈ. જો ન સચ માલૂમ હોતા હૈ, ન જૂઠ.** કોઈને પણ નિદ્રા સળંગ હોતી જ નથી. દોઢ કલાક નિદ્રા, દોઢ કલાક સ્વપ્ન, ફિર દોઢ કલાક નિદ્રા-એમ ચાલતું હોય છે. સામાન્ય લોકો, જેમના ખાનપાનનું કોઈ ઠેકાણું નથી એમને ગાઢ નિદ્રા ઓછી અને સ્વપ્નનિદ્રા જ વધારે આવતી હોય છે અને એમનાં સ્વપ્નાંનો કોઈ અર્થ પણ હોતો નથી.

**સ્વપ્ન કા ભી એક શાસ્ત્ર હૈ.** માણસ સમતોલ આહાર લેતો હોય, સમયસર ઊંઘતો હોય તો એને રાતના સાડાત્રણથી પાંચ સુધીમાં કોઈ સ્વપ્ન આવે એનું કાંઈ અર્થઘટન થઈ શકે છે. બાકી તો સબ અગડંબગડં. જ્યાદા ખાને સે ઔર ભૂખે રહને સે ભી સપને આતે હૈં. યહાં ગળાની ડાબી બાજુએ એક નાડી છે. ઉસકો સ્વપ્નનાડી કહતે હૈં. વધારે ખોરાક લીધો

હોય યા માણસ ભૂખ્યો સૂઈ ગયો હોય તો આ નાડી પર અસર થાય છે, અને સ્વપ્નાં આવે છે. જેને સાધના કરવી છે તેણે બહુ ઉપવાસ પણ કરવા નહિ જોઈએ ઔર જ્યાદા દબાકર ખાના ભી નહીં ચાહિયે.

સપને કા તો કોઈ ઠિકાના હી નહીં. **આપણા મનમાં અનેક જન્મના અનુભવોનો રેકૉર્ડ હોય છે.** એમાંથી ગમે તેનું સ્વપ્ન આવે. મામલતદાર બદલાયા કરે. રેકૉર્ડ તો ઑફિસમાં પડ્યો જ રહે. એમ **શરીર-ખોળિયું બદલાયા કરે, પણ દરેક જન્મનો રેકૉર્ડ આપણી ખોપડીમાં રહેતો હોય છે.** અમે આટલાં વર્ષથી અહીં સાવલીમાં આવ્યા છીએ, પણ ક્યારેય સાવલી ગામમાં ગયા નથી. તોપણ અમને દરેકના ઘરનું બારણું કઈ દિશામાં છે અને કોનું ઘર કેવું છે એની જાણ છે, કેમ કે અમે આ જન્મમાં નથી ગયા પણ અગાઉના જન્મમાં ગયા હોઈએ એનો રેકૉર્ડ હોય !

'જિજ્ઞાસુની ડાયરી', બી.આ., પૃ. ૯૮ ❑

**મૌનનો મહિમા (અનુસંધાન પૃ. ૧૫ નું ચાલુ)**

એકતાન બનીને તમને લાગશે, મધમાખો મધ-પૂડામાં પાછી ફરીને મધ બનાવવાનું કામ કરવા પુરાઈ રહે એના જેવી એ લાગશે, અને આને સારુ તમારે પ્રયત્ન કે કાળજી નહિ કરવાં પડે. આમ, તમારો આત્મા પોતા પ્રત્યે જે બળજબરી કરે તેનું સુફળ ઈશ્વર તેને આપે છે, અને તેને ઇંદ્રિયો પર એટલું પ્રભુત્વ આપે છે કે એ આત્મા સ્વસ્થ અંતર્મુખ થવા માગે ત્યારે એક નિશાની કરતાંવેંત ઇંદ્રિયો એનું માની જાય છે. સંકલ્પનું બળ પહેલી વાર અજમાવતી વખતે તે જલદી જલદી પાછી ફરે છે. આખરે, એવા ઘણા પ્રયત્ન પછી, ઈશ્વર એ ઇંદ્રિયોને સંપૂર્ણ સમત્વ અને સંપૂર્ણ નિદિધ્યાસની સ્થિતિએ પહોંચાડે છે.'

હરિજનબંધુ, ૨૫-૯-૧૯૩૮

(મૌન) મારા શરીર તેમ જ આત્માને બન્નેને આવશ્યક થઈ પડ્યું છે. મૂળ તો મનનો બોજો હળવો કરવાને એ લીધેલું. વળી, મારે લખવાને સારુ વખત જોઈતો હતો. પણ કેટલાક વખત સુધી મૌન રાખ્યા પછી મેં એની આધ્યાત્મિક ઉપયોગિતા જોઈ. મારા મનમાં એકદમ ઝબકારાની પેઠે ઊગી આવ્યું કે એ વખતે હું ઈશ્વરપ્રણિધાન સારામાં સારું કરી શકું છું અને હવે મને લાગે છે કે મૌન મારે સારુ સ્વભાવસિદ્ધ વસ્તુ છે.

હરિજનબંધુ, ૨૫-૧૨-૧૯૩૮

મારા જેવા સત્યના શોધકને સારુ મૌન મોટી મદદરૂપ થાય છે. મૌનની સ્થિતિમાં આત્માને પોતાનો રસ્તો વધારે સ્પષ્ટ દેખાય છે અને પહેલાં મનની પકડમાંથી સરી જતું તેમ જ ભ્રામક ભાસનારું ઓગળીને સ્ફટિક જેવું સાફ સૂઝવા લાગે છે. આપણું જીવન સત્યની લાંબી તેમ જ કઠણ ખોજના સ્વરૂપનું છે અને આત્માને પોતાના સંપૂર્ણ ઉચ્ચ સ્વરૂપને પામવાને અંતરની નિરાંત ને આરામની જરૂર રહે છે.

હરિજન, ૧૦-૧૨-૧૯૩૮

'સત્ય એ જ ઈશ્વર છે', પ્ર. આ., પૃ. ૬૪ ❑

# (૧૩) ભગવાનની વાત કપોલકલ્પિત નથી

**શ્રીમોટા**

એક ભાઈએ મને સવાલ કર્યો કે 'ભગવાન ખુશામતખોર હોય તો એનો શો ખપ ?' મેં કહ્યું, 'ભજન કરવું એટલે ખુશામત કરવી એમ થાય ?' તો કહે, 'હા.' તો મેં કહ્યું, 'તમે ના કરશો.'

**ભગવાનનું ભજન કરવું એટલે રાગદ્વેષ મોળા પાડવા. ક્રોધ ના કરવો. બધાં પ્રત્યે સદ્ભાવ રાખવો. સમતા કેળવીએ-એવી રીતે વર્તીએ એનું નામ ભજન છે.** બાકી, એકાદ કલાક નામ દઈએ અને પછી એમ જ વર્તીએ તેનું નામ ભજન નહિ.

સંસારમાં જેની સાથે સંકળાયા છીએ તેની સાથે મેળ રાખીને વર્તીએ તો તે પણ ભગવાનનું ભજન જ છે. માટે, કૃપા કરીને આટલું તો જરૂર કરજો. એકબીજાને સ્વભાવથી ત્રાસ-મુશ્કેલીઓ થાય છે તે પણ નહિ થાય. **જો તમે એટલું પણ નહિ કરો તો મારી સાથે જે સંબંધ રાખો છો તેનો પણ કશો અર્થ નથી.**

જીવનવહેવારના ક્ષેત્રમાં, કમાવાના ક્ષેત્રમાં આટલું તો જરૂર શીખજો. મેળ રાખવામાં નીચા જવાની વાત જ નથી. ભાઈ, ભાઈને માટે, સ્વજનને માટે પ્રેમ રાખવામાં નીચા જવાનું છે શું ? દરેક કોયડાના ઉકેલ છે. થોડી ધીરજ રાખવી.

વળી, કોઈ પૂછે કે 'આ ભગવાનથી ફાયદો શો ?' આપણે તો સ્વાર્થી લોકો. જેનાથી આપણું હિત સધાતું હોય તેનું આપણે બહુ જાળવીએ. દા.ત. કોઈ આપણને મદદ કરતો હોય તો એ આપણું અપમાન કરે તોપણ નીચી મૂંડીએ સાંભળી લઈએ અને સંબંધ બાંધી રાખીએ. એવી જ રીતે **ભગવાન જેવો બીજો કોઈ મદદગાર નથી. કોઈ સાંસારિક મદદગાર હોય તેના કરતાં એ વિશેષ છે.** જો તમે તમારું મોં એના તરફ ફેરવી લો તો એ દેખાય.

સાંસારિક જીવનવહેવારના સંબંધમાં જેનો આપણને ખપ છે તેનું ગમે તેવું આડુંતેડું ચલાવી લઈએ છીએ ! **ભગવાન સાથેનો સંબંધ કેળવશો તો એ તમે માગશો તે આપશે, પણ જો તમે એની સાથે સંબંધ કરી દો તો !** આપણા ગુજરાતમાં નરસિંહ મહેતા થઈ ગયા. એમનાં ઘણાં કામ ભગવાને કર્યાં, કોઈ કહેશે કે એ તો અતિશયોક્તિ કરી અને એમને થઈ ગયે ૨૦૦-૨૫૦ વર્ષ થઈ ગયાં.

પણ પુનિત મહારાજની વાત તો હમણાંની છે. એ તો ગરીબ હતા. પ્લૅટફૉર્મ ઉપર સૂઈ રહેતા. એમણે આપણા કરતાં ઘણાં ભારે કાર્યો કર્યાં. ઘણા માણસોને જમાડ્યા અને નેત્ર-દંતયજ્ઞો પણ કર્યાં. ઘણા લોકોને છાનું દાન કર્યું છે. ગરીબ બ્રાહ્મણોને જનોઈ આપી. એવાની તો કલ્યાણની જ ગતિ છે. **ભગવાનની વાત એ કપોલકલ્પિત નથી.** એ આપણો ગુલામ નથી હોતો, પણ એની ઉપર આપણને જો પ્રેમ થઈ જાય તો એ આપણાં ઘણાં કામ કરી દે છે.

ભગવાનને ભજશો તો સંસારના ક્લેશ-તાપમાં રાહત થશે. માટે અમે કહીએ છીએ કે એટલા માટે પણ એને ભજો. **ભજશો તો સંસારના ક્લેશ તાપમાં રાહત થશે.** સંસારમાં દુઃખ, ત્રાસ, મુશ્કેલીઓ તો આવવાની જ, એટલા માટે પણ એને ભજો-એમાં તમને રાહત થશે. કોઈએ મને આજ સુધી એમ કહ્યું નથી કે મને સંસારમાં સુખ છે. દુઃખ જાતે ઊભું કરીએ છીએ. અહમ્‌ના કારણે બીજાને ગણકારતા નથી.

'મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા', ચોથી .આ., પૃ. ૭ ❑

## (૧૪) ઉપાધિ સંસારમાં નથી પણ મનમાં છે

**સ્વામી રામદાસ (પપ્પા)**

રામદાસ ચિત્રકૂટ જઈ રહ્યા હતા. એક વણિક પણ ચિત્રકૂટ જઈ રહ્યો હતો. એ કારણે એ રામદાસ સાથે જોડાયો. રામદાસ-સ્વામીની સેવા કરવાનો પોતાને લાભ મળશે એવી પણ એની ભાવના હતી. રામદાસના પગ ચાંપવા માંડ્યા. એ વખતે એણે દિલ ખોલી પોતાની હકીકત કહેવા માંડી.

'મહારાજ, આ સંસાર પર મને કંટાળો આવ્યો છે. મારે પણ સંન્યાસ લેવાની ઇચ્છા છે. આ જગતની આધિ, વ્યાધિ તથા ઉપાધિથી હું ત્રાસીને નાસી છૂટ્યો છું. આપનો શિષ્ય બનાવી મને આપનાં ચરણમાં આશરો આપો.'

**રામદાસે જવાબ આપ્યો, 'રામજી, તને જે ઉપાધિ લાગે છે, તે સંસારમાં નથી પણ તારા મનમાં છે. તારા મનનો એક ભ્રમ છે.'** તારા અંતરાત્મા પર ચઢેલું આવરણ દૂર કરવાની ઉત્કટ અભીપ્સા જ્યાં સુધી તારા અંતરમાં જાગી નથી, ત્યાં સુધી માત્ર બહારના સંન્યાસથી કશું વળવાનું નથી. એ તો ઓલામાંથી ચૂલામાં પડવા જેવું થશે. આ સંસાર અને આ જીવનની સાચી સમજથી જ ખરું સુખ આવે છે. સાચી સમજ સાચી દૃષ્ટિથી આવે છે. આ સાચી અગર દિવ્ય દૃષ્ટિ ઈશ્વરના-સત્યના સાક્ષાત્કારથી પ્રાપ્ત થાય છે. જો જે ભૂલમાં પડતો. સંસારમાંથી નાસી છૂટીને મુક્તિ કે અખંડ શાંતિ નથી મળવાની. પહેલાં તો અંતઃકરણમાં જ ખોજ કર. મોક્ષ અને આનંદ બન્ને અંતરમાં જ છે. કામ, ક્રોધ અને મોહને જીતવાથી એ માર્ગે જવાય છે. રામદાસનો ભરોસો ન રાખીશ. એનું કામ શિષ્યો કરવાનું નથી. એ તો માત્ર માર્ગ બતાવી શકે. એ માર્ગે ચાલવામાં મહેનત અને ઉદ્યમ તો તારે જ કરવાં પડશે. માટે રામદાસને નહિ પણ સત્યને અનુસર.'

બીજે દિવસે પ્રાતઃકાળે ગાડી ચિત્રકૂટ સ્ટેશને પહોંચી. ગાડીએથી ઊતરી એ બન્ને જણ ચિત્રકૂટને રસ્તે ચાલવા લાગ્યા. સ્ટેશનથી પહાડ ત્રણ માઈલ હતો. રસ્તામાં વણિકને રામદાસે પૂછ્યું, 'રામજી, ચિત્તને એકાગ્ર કરવા કંઈ સાધના-બાધના કરો છો ?' 'કેમ નહિ ! હું વારંવાર નામસ્મરણ કરું છું.' 'વારંવાર નહિ પણ આખો વખત કરવું જોઈએ તથા મનમાં અખંડ સ્મરણ ચાલ્યા જ કરવું જોઈએ.'

'એ બાબત આપ ચિંતા ના કરશો.'

રામદાસે વણિકને ફરી સમજાવ્યો, 'રામજી, રામદાસનો સંગ છોડી દો. તમે તમારા રસ્તે જ જાઓ, કારણ રામદાસને તો એકલા જ રખડવાની ટેવ છે. રામદાસનો રસ્તો કષ્ટમય તથા ભયંકર છે. એને પોતાને જોખમનો કંઈ ડર નથી તેમ મોતનો પણ ભય નથી, રામદાસની સાથે આવવાથી તમને ખૂબ અગવડ પડશે અને ઘણું દુઃખ વેઠવું પડશે.'

'મને પણ કશાનો ડર નથી. આપ જેમ રહેશો તેમ હું રહી શકીશ. મેં તો આપની જ સોબતમાં રહેવાનો નિશ્ચય કર્યો છે.'

રામદાસે ભગવાનની જેવી મરજી એમ માની ગામની મધ્યમાં વહેતી મંદાકિનીના એક ઘાટ ઉપર આસન જમાવ્યું. પેલા વણિકે એક હજામને બોલાવી કહ્યું કે મારે સંન્યાસી થવું

છે. મારું માથું મૂડી નાખ. પણ હજામે કહ્યું કે મને માફ કરો. તમારાં બૈરીછોકરાંની ગાળો મારે ખાવી નથી. તમારી સ્ત્રીના શાપનો મને ભય લાગે છે. છતાં વણિકે જેમ તેમ કરી માત્ર શિખા રાખવાનું સમજાવી મુંડન કરાવી લીધું. હજામને સારું વળતર પણ આપ્યું.

બીજે દિવસે પગપાળા યાત્રા દરમિયાન રામદાસે વણિકને રડતો જોયો. વણિકે કહ્યું કે મને મારી પત્ની તથા છોકરાંની યાદ આવે છે. તેઓને જણાવ્યા વિના જ હું નાસી આવ્યો છું. એમની ખાતર મારો જીવ બળે છે.

વણિકે પહેલાં એની સાળીની મુલાકાત કરી જેથી તેના દ્વારા પોતાની પત્ની સાથે સંધિ થઈ શકે. પણ સાળીએ વણિકને ખરેખરી સંભળાવી હશે એટલે મુલાકાત બાદ એ કહે, ‘બાપરે શી તીખી જીભ છે ? જાણે અસ્ત્રાની ધાર ! બૈરીની જીભ તો સારી ! આ સંસારમાં મારાથી રહેવાશે જ નહિ.

આગળની યાત્રામાં વણિકને ભૂખ પજવે, રાત્રે ગરોળીના અવાજથી ઊંઘી ના શકે. ઠંડી અને ભયથી એ ધ્રૂજતો હતો. જંગલના નાગ, વાઘ, વરુની યાદ અને એની વાતથી એનો અવાજ વ્યાકુળ થઈ જતો.

વહેલી સવારે રામદાસ પ્રકૃતિદર્શન કરવા નીકળી પડેલા. પાછા આવ્યા તો વણિક ન દેખાયો. એક અન્ય સાધુએ જાણ કરી કે જાણે જમ પાછળ પડ્યા હોય એમ જીવ લઈને નાસતો મેં જોયો છે. પછી એ જ સાધુએ હસીને ઉમેર્યું કે ‘સાધુ જીવન એ કંઈ બચ્ચાના ખેલ નથી એમ એ વણિકને સમજાયું લાગે છે.’

‘ઈશ્વરના સાંનિધ્યમાં’, પ્ર. આ., પૃ. ૧૦૭ ❑

# (૧૫) તન-મનની વિશુદ્ધિ

**સ્વામી કૃપાલ્વાનંદ**

સર્વવ્યાપી શ્રીહરિ સર્વત્ર છે, પણ ચર્મચક્ષુ તેમને નિહાળી શકતાં નથી. સંતો તથા શાસ્ત્રો કહે છે કે શ્રીહરિને શરીરમાં જ શોધો. ભક્ત નરસિંહે ગાયું છે, “શરીર શોધ્યા વિના (શુદ્ધ કર્યા વિના) સાર નહિ સાંપડે, પંડિતો પાર નહિ પામો પોથે.”

શરીરમાં આ જન્મનો અને મનમાં અગણિત જન્મોનો મેલ સંચિત થયેલો હોય છે. શરીરમાં જે મેલ પ્રતિદિન ઉત્પન્ન થાય છે તે નિઃશેષ બહાર નીકળી શકતો નથી. આથી, તેનો ઉકરડો વધતો જ જાય છે. તે જ રીતે મનમાં પણ જે કુસંસ્કારો પ્રતિદિન એકત્ર થયા કરે છે, તે પણ અંદર ને અંદર પુષ્ટ થયા કરે છે. આ કારણે તન-મનની વિશુદ્ધિનું કાર્ય આપણે ધારીએ છીએ તેટલું સરલ નથી. તે માટે અખૂટ ધૈર્ય, સંયમ, સદ્‌વિચાર, સદાચાર, દૃઢનિશ્ચય, નિયમિતતા, ઉત્કર્ષની ઉત્કટ અભિલાષા, સત્‌-જ્ઞાન અને સત્‌-સાધના અનિવાર્ય છે.

અંતઃકરણનો અનુરાગ ઉત્સાહ ઉત્પન્ન કરે છે. તે ઉત્સાહ કાર્યનું કાઠિન્ય દૂર કરી તેમાં સારલ્ય જન્માવે છે. આ યોગધર્મ, સમસ્ત ધર્મોનું બીજ છે. તેનાથી અર્થ, કામ અને મોક્ષના ત્રણ પુરુષાર્થો સિદ્ધ થાય છે.

શુદ્ધ શરીર આરોગ્યનું અને શુદ્ધ અંતઃકરણ દૈવી સંપત્તિઓનું અધિકારી છે.

આસનનો સંબંધ શરીર સાથે અને ધ્યાનનો સંબંધ મન સાથે છે.

‘આસન અને મુદ્રા’, પ્ર.આ.પૃ.૩૨ ❑

# (૧૬) પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયથી અમારી સ્ટીમર રેતીમાં ચાલે છે

જે. ડી. પટેલ (માર્બલવાળા)

પૂજ્ય શ્રીમોટા સાથે અમારો સંપર્ક કરાવનાર અમારા પાડોશી - શ્રી શશિકાંતભાઈ પટેલ. શ્રી શશિકાંતભાઈ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી કુમુદબહેન પૂજ્ય શ્રીમોટાના પૂરેપૂરા અનુરાગી, સ્વજનો તેઓને ફોઈ-ફુઆ તરીકે ઓળખે.

અમદાવાદના ઉસ્માનપુરા વિસ્તારમાં આવેલ પંચશીલ સોસાયટીમાં અમારો નિવાસ ૨૮ નંબરના બંગલામાં. શ્રી શશિકાંતભાઈ રહે ૨૭ નંબરના બંગલામાં.

શ્રી શશિકાંતભાઈની ભાવના કે શ્રીમોટાની પધરામણી પંચશીલ સોસાયટીમાં કરાવાય તો સારું. એટલે એમણે એમના અન્ય પાડોશી ૨૬ નંબરના બંગલામાં રહેતા વીરસદના શ્રી રમણભાઈ અમીન સાથે બધું નક્કી કરી તારીખ નક્કી કરી રાખેલ.

અમારું કોઈ સત્ નિમિત્ત સાકાર થવાનું હશે એટલે મોટાની પધરામણીની જે તારીખ નક્કી કરવામાં આવેલી તેના એક-બે દિવસ અગાઉ રમણભાઈને કોઈક કારણ હશે જેથી તેઓએ શશિકાંતભાઈને તેની વાત કરી અને મોટાની પધરામણી માટે ના પાડી દીધી. શશિકાંતભાઈ માટે એક ધર્મસંકટ ઊભું થયું. એટલે તેઓએ અમને વાત કરી. શ્રીમોટા સાથે અમારે સીધો સંબંધ કે પરિચય નહીં પણ જ્યારે શ્રીમોટા શશિકાંતભાઈના ત્યાં આવ્યા હોય એટલે રૂઢિગત રીતે અમે દર્શન કરવાં જતાં.

શશિકાંતભાઈને મોટાની પધરામણી અમારા નિવાસે કરાવવાની મેં અનુમતિ આપી દીધી અને એ અંગેની બધી તૈયારીઓ શરૂ કરી. પણ એમાં એક વિઘ્ન આવ્યું. મારાં ધર્મપત્ની શ્રીમતી ઇન્દુબહેનના જન્મના અને ઉછેરના જૈન સંસ્કારોનાં કારણે તેમની અનુમતિ તો ન મળી, ઊલટાનો પ્રખર વિરોધ વ્યક્ત થયો. એમની રજૂઆત હતી કે શશિકાંતભાઈના ગુરુ જે હોય તેને અમારે ગુરુ તરીકે સ્વીકારવા એ વાત એમને મંજૂર નથી.

પૂજ્ય શ્રીમોટાની પધરામણી જેઓને ત્યાં થાય - મોટાની ભાષામાં - તેઓને જે સ્વજન રોટલા ખાવા બોલાવે તેઓએ શાળાના એક ઓરડાના આશ્રમના સહયોગની રકમ રૂ.૨૫૦૦/- આપવા અને શક્ય હોય તો મિત્ર-મંડળ, સગાં-સ્નેહી પાસેથી ઉઘરાણું પણ કરી આપવું. રૂ.૨૫૦૦/- આપવાની મારી તત્પરતા હતી.

મૂળ કાર્યક્રમ પ્રમાણે મોટા જે તે દિવસે સવારે અમારે ત્યાં આવે અને સાંજે પ્રયાણ કરે એમ નક્કી થયું હતું. તેના બદલે ગમે તે કારણો હોય - શશિકાંતભાઈએ અમને આગલા દિવસે બપોર પછી ખબર આપ્યા કે મોટાની તબિયત સારી નથી એટલે એ સાંજે - નરોડાથી મોટા અમારે ત્યાં આવશે.

શ્રીમતી ઇન્દુબહેનનો વિરોધ વધતો જતો હતો. કામવાળા રજા ઉપર હતાં. પણ મારી

પૂરેપૂરી મક્કમતા હતી. એટલે સુધી સંજોગો સર્જાયા હતા કે મોટા એક તરફથી અમારા ઘરમાં જ્યારે પ્રવેશે ત્યારે ઇન્દુબહેન બીજા બારણેથી બહાર નીકળી જાય.

હરિની લીલા અકળ હોય છે. ઇન્દુબહેનને બહાર નીકળવાનો સમય જ ન રહ્યો અને મોટા અમારા નિવાસે દાખલ થઈ ગયા. આ પહેલાં એ સવારે એક ઘટના બની હતી. મહાજન બુક ડેપોવાળા શ્રી ચીમનભાઈ મહાજન એ સવારે મોટાની પધરામણી જ્યાં થવાની છે, એ ઘર અંગે પૂછતાં પૂછતાં અમારા દરવાજે આવ્યા હતા. ઇન્દુબહેનને જોતાં જ એ આશ્ચર્ય પામ્યા, કારણ કે ઇન્દુબહેન જ્યારે પોષ્ટ ગ્રેજ્યુએશન - સાયકોલોજીમાં કરતાં હતાં ત્યારે મહાજન તરફથી જરૂરી પુસ્તકોની મદદ તેમને મળતી હતી. એમના મોઢામાંથી આશ્ચર્યવત્ શબ્દ નીકળી પડ્યા કે - અરે ! ઇન્દુ, તું અહીંયાં છે ! એમણે કબૂલ કર્યું કે મોટાનો જ્યાં મુકામ હોય તે નિયત તારીખ અંગે ક્યારેય એમનાથી ભૂલ કે સ્મૃતિફેર થયો નથી. જોકે ઇન્દુબહેને તો પોતાનો મનોભાવ ચીમનભાઈને સંભળાવ્યો પણ ખરો કે “તમે પણ બીજાઓની માફક મોટા પાછળ ફરો છો ?”

વિચક્ષણ ચીમનભાઈને ઇન્દુબહેનના માનસિક વિરોધનો ખ્યાલ આવી ગયો એટલે મોટાની વાત બંધ કરી કહે, “ઇન્દુ, મારે ચા પીવી છે.” ચા તો જોકે તૈયાર જ હતી. બધાંએ સાથે ચા પીધી પછી જતાં જતાં ઇન્દુબહેનને તેઓ કહેતા ગયા કે મારું માની શકું તો આજનો દિવસ તું મૌનધારણ કરી લે જે ! ઇન્દુબહેનને માટે આ શક્ય જ ન હતું.

એ સાંજે મોટા અમારા ઘરના દરવાજે આવ્યા ત્યારે મોટાને ચાંલ્લો કરી તેમનું સ્વાગત કરવા, આવકારવા શશિકાંતભાઈએ કહ્યું પણ ઇન્દુબહેનનો સખત વિરોધ અને અણગમો શમ્યો ન હતો.

ભગવાનને કરવું કે ઘરકામ કરનાર અચાનક આવી ગયા એટલે એટલા પૂરતી ઇન્દુબહેનને હાશ થઈ.

શ્રીમોટાને સખત દમ હતો. તેવે વખતે મોટાને વિપુલ પ્રમાણનાં પાણીથી સ્વજનોએ સ્નાન કરાવ્યું અને કેળું આપતાં ઇન્દુબહેને જોયું એટલે એમણે કહ્યું કે તમે લોકો મોટાને મારવા માટે અમારે ઘેર લાવ્યા છો ! છેવટે ન રહેવાતાં ઇન્દુબહેને મોટા સમક્ષ વાત મૂકી કે ડૉક્ટરને બોલાવીએ કે ઑક્સિજનનો બાટલો મંગાવીએ ! મોટાએ ઑક્સિજન માટે હા પાડી એટલે ઇન્દુબહેનને થયું કે હાશ ! મોટા એમની વાત સમજ્યા છે અને સ્વીકારી છે. ઑક્સિજનના બાટલાની વ્યવસ્થા કરવામાં આવી. મોટાને દમમાં થોડીક રાહત થઈ.

શશિકાંતભાઈએ ઇન્દુબહેનને રાત્રે આરામ કરવા - સૂઈ જવાં જણાવ્યું. શ્રી ઇન્દુકાકા, જયશ્રીબહેન વગેરે સ્વજનો રાત્રે મોટા સાથે રોકાવાનાં હતાં એટલે ઇન્દુબહેનને પણ એ બધું જોવા-જાણવાની ઇંતેજારી થતાં ખાસ સૂવા માટે ન ગયાં. વહેલી પરોઢે મોટા માટે કૉફી બનાવવામાં આવી. રકાબીમાં કૉફી હોય તે મોટા પોતાના હોઠ-કપાળ સુધી અડાડે પછી જે તે સ્વજનને તે કોફી અપાતી. ઇન્દુબહેને આ પ્રકારની કૉફી પીવાની ના પાડી. એ સમયે આજ્ઞા-આદેશની રીતે શશિકાંતભાઈએ કહ્યું કે

આ મોટાની પ્રસાદી છે. તમારે પી જ જવાની છે ! બેળેબેળે ઈન્દુબહેને એ કૉફી પીધી અને જાણે કે મોટો ચમત્કાર થતો હોય તેમ તેમના ઉગ્ર મનમાં પરમ શાંતિનો અનુભવ થયો.

તે સવારે મોટા, "મારો હરિ હજી ન આવ્યો." એ પ્રકારે થોડી થોડી વારે કહેતા અને રાહ જોતા હોય એમ જણાતું. ઈન્દુબહેનને કુતૂહલ થતું હતું કે એવો તે કોણ "હરિ" હશે કે જેના માટે મોટા આટલી આતુરતાપૂર્વક રાહ જુએ છે. થોડીવાર પછી કુંભકોણમ્‌વાળા હરિભાઈ અમારે ત્યાં આવ્યા ત્યારે મોટાની અને હરિભાઈની એ ઝંખના અને "મારો હરિ આવ્યો" એ ઉદ્‌ગાર અવિસ્મરણીય રહ્યા છે. બન્નેની આંખો ભાવાશ્રુથી ભીની હતી.

મોટા તરફથી અણસાર મળ્યા કે સત્સંગ માટે એ. જી. ભટ્ટ સાહેબ, શ્રી ઈન્દુકુમાર દેસાઈ વગેરેને બોલાવવા. તે દિવસે બપોરના પ્રસાદમાં-જમણવારમાં સહેજે પચીસેક સ્વજનોએ આનંદ અનુભવ્યો હતો.

એમ કરતાં કરતાં સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર પણ ન પડી અને શ્રીમોટાના પ્રસ્થાનનો સમય થયો. બધાંએ ગદ્‌ગદ ભાવે શ્રીમોટાને પ્રણામ કરી વિદાય આપી.

આ પછી મોટાને અવારનવાર મળવાનું બનતું. મોટા પ્રત્યેની શ્રદ્ધા દિનપ્રતિદિન વધતી ગઈ. કંઈક મુશ્કેલી જેવું જણાય તો હું પ્રાર્થના કર્યા કરું અને અણધારી મોટી મદદ - હૂંફ મળ્યાના અનુભવો પણ થતા ગયા. અમારા વેપારમાં જે મનમાં ધાર્યું હોય તે પાર પડતું હોય એમ પણ અનુભવાયું. ધંધામાં - માર્બલની ખાણો અને તેને લગત કામમાં - સાહસ કરવાની પ્રેરણા મલતી હતી. જ્યારે કોઈ સ્વજન કહેતું કે શ્રીમોટાની કૃપાસહાયથી એમનું નાવ રેતીમાં ચાલે છે ત્યારે મારા મનનો પ્રતિભાવ રહેતો કે **મારી તો સ્ટીમર રેતીમાં ચાલે છે.** શ્રીમોટાની કૃપાથી નવાં નવાં સાહસ કરવાની પ્રેરણા અને સફળતા મળતી હતી.

એ પછી શ્રીમોટાનો વસંતપંચમીનો દીક્ષા દિનનો ઉત્સવ સ્વજનોનો મિલનસમારંભ અમારા પરિવારના યજમાનપદે યોજાય એવી ભાવના સાકાર થઈ. સને ૧૯૮૧માં એ ઉજવાયો. તે બાદ બીજો ઉત્સવ પણ વસંત પંચમીનો સને ૧૯૯૯માં યોજાયો. એમ બે વખત ઉત્સવનો અમારા પરિવારને લાભ મળ્યો. એ પણ શ્રીહરિકૃપા જ ગણાય.

એક વખત શ્રીમોટાએ એક પુસ્તકના પ્રકાશન માટે સહયોગ આપવાનું સૂચન મને કર્યું હતું. એ પુસ્તકનું નામ "જીવનપોકાર" હતું. એ વખતે તો એ શક્ય ન બન્યું, પરંતુ મોટાના દેહત્યાગ બાદ જ્યારે એની બીજી આવૃત્તિ થવાની હતી ત્યારે અમારાથી સહયોગ આપી શકાયો. સંતનો શબ્દ સમય આવે અચૂક સાકાર થતો હોય છે.

શ્રીમોટાના દીક્ષાદિનનો જે ઉત્સવ અમારા પરિવારના યજમાનપદે યોજાયો હતો ત્યારે મુખ્ય વક્તા-પ્રવચનકાર તરીકે અન્ય કોઈને બોલાવવાને બદલે ઈન્દુબહેને પોતે જ મોટા પ્રત્યેના પોતાના શરૂના પ્રખર વિરોધની વિગતો સ્વજનો સમક્ષ વ્યક્ત કરી હતી. પશ્ચાત્તાપના ઝરણાથી પોતાના એ કર્મને ધોવાનો પ્રમાણિક પ્રયત્ન કર્યો હતો. 'હરિભાવ'માં એ પ્રકાશિત થયેલ છે. સર્વ સ્વજનોને હરિઃૐ. ❑



# 'ભાવ'ની ભેટ

ભગવાનનાં નામથી મને શું નથી મળ્યું ?

૧ મને ભગવાને એનો બનાવ્યો, એ પહેલું મળતર.

૨ ભગવાને મને એની ભાવપ્રસાદી આપી અને મેં તે એકલા ન આરોગતાં સર્વને ધરી, એ બીજું મળતર.

૩ બુડથલ જેવા મારી પાસેથી એને શાસ્ત્રો જેવાં કેટલાંય પુસ્તકો લખાવ્યાં, એ ત્રીજું મળતર.

૪ લોકકલ્યાણનાં કાર્યો માટે લાખો રૂપિયા અપાવડાવ્યા, એ ચોથું મળતર.

૫ આટઆટલી માંદગીઓ છતાં એની છત્રછાયાથી હું સ્વસ્થતાથી જીવી શકું છું, એ પાંચમું મળતર.

૬ આબાલવૃદ્ધ મારા જે ચાહકો છે તેમના દિલમાં મને સ્થાન મળ્યું છે. અને 'મોટા'ને અમુક વસ્તુ જોઈએ છે તેનું નામ પડતાં જ તે મને મળી જાય છે. આવો લોકોનો નિર્વ્યાજ પ્રેમ મળ્યો છે, એ છઠ્ઠું મળતર.

ભગવાને સર્વોત્તમ ભેટ તો મને ભાવની બક્ષી છે. જે ભાવ દ્વારા સૌની સાથે દોસ્તી કરવાની મને તક મળે છે અને તેમને ભગવાનનો ભાવ પહોંચાડવામાં હું નિમિત્ત બનું છું.

\- શ્રીમોટા

*'ભાવહર્ષ', પ્ર. આ., પૃ. ૧૭*

**HARIBHAV, SEPTEMBER - 2016**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017






"શ્રીઅરવિંદનાં દર્શને જવાનું દિલ થાય એને હું અહોભાગ્ય ગણું છું. એમનામાં આ જીવનો હૃદયનો પ્રેમભક્તિભાવ અને આદરભાવ જ્ઞાનભાવે પ્રગટેલો છે.

ત્યાં જવાનું બને એ તો મને ઊલટું ઘણું ગમે છે. તેમના સાહિત્યનું વાંચન થવાથી, તમે બધાં ઊલટું મને સાચી રીતે અને વધારે સમજી શકવાનાં છો !"

\- શ્રીમોટા

*'જીવન મંથન', ૪થી આવૃત્તિ, પૃ. ૧૮૬*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com